ફોફળસાના રમુજી ફકરા.

રમુજ ૧ લો.

ફોફળશાની ખુટડાઇ.

ફોફળસાનું શરીર ઘણું પાતળું અને કદમાં ઉંચું હતું, અને તે ઉપર નાળીએર જેવડું ગોળમટોળ માથું હતું, તેના વાળ બકરાના જેવા લાંબા હતા, અને કાળા રંગના હતા, તેનું કપાળ શીપના જેવું નાનું હતું, તેની બંને આંખો માંજરી હતી. તથા તેની આસપાસ લોહી થોડું હોવાથી અંદર પેશી ગઇ હતી, તેના ઉપર ઝીણા વાળવાળાં નેત્ર હતાં, ને પ્રસંગ પડેતો હરેક વસ્તુ જોવી હોયતો પોતાની આંખ નજદીક રાખી જોતો; અને નાક ઘણુ લાંબુ અને નસકોરાં જેનાં સરણાઇના ચાડા જેવાં હતાં, વળી મોં ઘણું સાંકડું હતું, અને તેના દાંત ઘણા ઝીણા હતા, બન્ને કાનતો એટલા નાના હતા કે જાણે ઉંદરના કાનના આકારના હતા. નીચેનો હોઠ ઘણો પાતળો હોવાથી તેના દાંત મરકટની પેઠે માલમ પડતા હતા, તેમ દાઢી વાંદરાના જેવી હતી, ડોક ઘણી લાંબી અને પાતળી તેથી નીચી નમેલી હતી અને તેનું શરીર ઘણું કદરૂપું દેખાતું હતું. પગમાં ઓખાઇ ગામડીઆ જુનાં ખાસડાં પહેર્યાં હતાં, અને બાકી રહેલો શરીરના ઉપરનો ભાગ ઢાંકવા સારૂ એક ચીણવાળી આંગડી હતી તે જુની અને ફાટેલી હતી. તેની કસો ટુટે-

લી હતી, અને તેના માથાની પાઘડી નાની ને ચાંચવાળી હતી. તેનો વિચિત્ર ચેહેરો એવો બીહામણો હતો કે તેને જોઇ લોક આશ્ચર્ય પામતા હતા, વળી રમુજ એ હતી કે તે પગથી તે માથા સુધી જોઇએ તો તેનો આકાર વાંદરાના જેવો માલમ પડતો હતો, અને તે જ્યારે દીલ્લી શેહેરમાં દાખલ થયો, તે વખતે તેને જોઇ કેટલાંએક બૈરાં છોકરાં ડરવા લાગ્યાં.

રમુજ ૨ જો.

ફેફ્ફળશાનો પોતાની મેળે બાદશાહની કચેરીમાં પ્રવેશ અને તેની બહાદુરી.

ફેફ્ફળશા માથા ઉપરથી પાઘડી ઉતાર્યા વિના તેમ સભ્યતાની કાંઈબી નિશાની જણાવ્યા વિના બેધડક બાદશાહની કચેરીમાં ચાલ્યો ગયો. અકબર બીરબલ, ટોડરમલ, માનસીંહ, ભગવાનસીંહ, સલીમ, મુરાદ, ને દાનીઆલ સિવાય અમીર ઉમરાવો બેઠા હતા, તેના સામું ન જોતાં બેધડક બાદશાહ પાસે ગયો. અકબર બાદશાહ ઘણોજ નરમ સ્વભાવનો શાણો અને ટીખળી હતો તેથી ફેફ્ફળશાના સ્વભાવ ઉપરથી તેની ધારણામાં એકદમ આવી ગયું કે ખુદાની ગતી ન્યારી છે કે આવી ચમત્કારી ઉત્પત્તિમાં ઘણાં રાક્ષસી અને વિલક્ષણ રૂપનાં પ્રાણીઓ પેદા કરે છે અને તેઓને બીજાં મનુષ્ય પ્રાણીઓ કરતા વિશેષ બુદ્ધિ આપે છે, તે માંહેલો આ કોઈ એક છે એવા વિચાર ઉ-

પરથી પોતાને કાંઈ આશ્ચર્ય લાગતું નથી; એવો ડોળ ધારણ કરીને ચતુરાઈથી ફેફફળશાની સાથે વાતચીત કરવા લાગ્યો, બાદશાહ કહેછે કે ભાઇ તું કોણ છે અને તારો જન્મ કયા નક્ષત્રમાં થયો છે, અને તારો દેશ કયો? તેને ફેફફળશા કહેવા લાગ્યો કે હું મનુષ્ય છું અને મારી માના મનમાં જયારે મને જન્મ આપવાનું આવ્યું ત્યારે તેણે મને જન્મ આપ્યો, અને પૃથ્વી પોતેજ મારો દેશ છે. તેને બીરબલે કહ્યું, તારા વંશમાં તારાથી આગળ કોણ થઇ ગયા, અને પાછળ કોણ થનાર છે. તેને ફેફફળશા કહે છે મગવાસણમાં પાણી ઉકળે છે, તેમ આગળ થઇ પાછળ જાય છે, તેમ પાછળના આગળ આવે છે. તેને કાજીએ પુછ્યું કે તારે મા, બાપ, ભાઈ, બેન તથા કાકા વિગેરે છે, તેને ફેફફળશાએ કહ્યું, મારે મા, બાપ, ભાઈ, બેન તથા કાકા વિગેરે છે, પણ તે સર્વ મરણ પામ્યાં છે. તેને બાદશાહે કહ્યું, જયારે તેઓ મરણ પામ્યાં છે ત્યારે તું એમ કહે છે કે મારે સર્વ કુટુંબ છે એમ કેમ કહેવાય, તેને ફેફફળશાએ કહ્યું કે જયારે હું મારા ઘરમાંથી નીકળ્યો ત્યારે તે સર્વ ઉંઘતાં હતાં તે ઉપરથી મેં તમને કહ્યું કે તેઓ મરણ પામ્યાં છે, કેમકે ઊંઘ અને મરણ વચ્ચે ઘણોજ થોડો ભેદ છે. તે એટલોજ કે એક ટુંકી ઉંઘ છે તેમ બીજી લાબી ઊંઘ છે, જેથી એક બીજાને કાંઇ પણ સંબંધ મળે નહીં. એવા પ્રકારના અકબરે તેને નિચે પ્રમાણે સવાલ પુછ્યા, કેમકે તે વખતમાં ચતુરાઇની પરીક્ષા કરનાર બીરબલ યા ટોડરમલ હાજર જવાબી હતા. તેણે ફેફફળશાને કહ્યું કે ઘણા

વેગથી જનારી વસ્તુ કઇ? તેને ફૈફુળશાએ કહ્યું કે મનુષ્યનો વિચાર અથવા કલ્પના. તેને બીરબલે કહ્યું, સોઘામાં સોઘી વસ્તુ કઇ? તેને ફૈફુળશાએ કહ્યું કે ફોગટ મળે તે. તેને કાજી કહેછે, કોઇ વખત તૃપ્ત થાય નહીં તે શું? તેને ફૈફુળશાએ ઉત્તર આપ્યો કે એતો સાહેબ કંજુસનો લોભ. તેને ટોડરમલ કહે છે. અલ્યા, છોકરાઓમાં નઠારો દુર્ગુણ કયો, તેને ફૈફુળશાએ કહ્યું કે શુરવિર દાદા, જે છોકરાઓ પોતાના પુર્વજોના વચનમાં ન રહે, કીંવા તેનું વચન ઉલ્લંઘન કરે તે. તેને દાનીઆલે કહ્યું કે, અલ્યા, તેથી વધારે ખરાબ શું? તેને ફૈફુળશાએ કહ્યું કે, હુંપદ, કેમકે તેણે કરીને તેઓ સર્વેને પાઇ જવાનું શીખે છે, તેને બાદશાહે કહ્યું, વૃદ્ધ માણસમાં હસી કાઢવા યોગ શું હશે? તેને ફૈફુળશા કહે છે, કામપ્રીતી અને ચંચળાઈ. તેને નગર શેઠે કહ્યું કે શેઠ વેપારીમાં વિશેષ દુર્ગુણ કયો? તેને ફૈફુળશાએ કહ્યું કે જુઠું બોલવું એજ. તેને બાદશાહ કહે છે અલ્યા, મોંઢે ભલું બોલે અને પાછળથી નીંદા કરે તે કોણ? તેને ફૈફુળશાએ ઉત્તર આપ્યો કે ખાવીંદ સલામત આપની સામા નરકાં કરી આપને રીઝાવનાર નાયકા અથવા કસબણ. તેને બીરબલે કહ્યું કે ઘરની અંદર ભયાનક યા જોખમ ભરેલું શું? તેને ફૈફુળશાએ કહ્યું કે સ્ત્રી અને ચાડીઓ, તથા ફુંભાંડી ચાકર. તેને બીરબલ કહે છે કયા દરદનો ઉપાય નહીં? તેને ફૈફુળશાએ કહ્યું કે દીવાનાપણું, જળંધર અને કરજ. તેને બાદશાહે કહ્યું પોતાની માનું ભક્ષ કરનાર કોણ? તેને ફૈફુળશાએ કહ્યું કે વીંછણનાં બચ્ચાં

સાહેબ, તેને બીરબલે કહ્યું, તારે ઉંધા લોટામાં પાણી ભરી લાવવું હોય તો તે શી રીતે લાવે? તેને ફેફુળશાએ કહ્યું કે અમે વાણીઆ ડાઈ માના છોકરા બધી કળા જાણીએ છીએ સાહેબ, એતો લોટાના મોં ઉપર ભીંનું કપડું ઢાંકી ઉંધો પાડીએ તો તેમાંનું પાણી અનામત રહે. તેને કુમાર કહેછે. અલ્યા સ્ત્રીનાં કયાં કૃત્ય પ્રત્યે પુરૂષનો ઇલાજ ચાલે નહીં? તેને ફેફુળશા કહેછે તેની બેશરમાઇ અથવા સ્ત્રી ચરીત્ર. તેને બાદશાહ કહેછે દોરડા વગર તારે સસલુ પકડવું હોય તો શી રીતે પકડે? તેને ફેફુળશા કહેછે અરે સાહેબ ફાળ મારીને, તેને બીરબલે કહ્યું કે અલ્યા તારામાં બુદ્ધિનો ફેલાવો છે? તેને ફેફુળશાએ કહ્યું, તમે જો નીરજળા ઉપવાસ સાત દિવસ કરોતો તમારી બુદ્ધિ તીક્ષ્ણ થાય, અને અંતઃકરણ શુદ્ધ થાય તો જમીન અને અસમાન જોઇ શકો.

રમુજ ૩ જો.

સુખ.

ફેફુળશાનું હાજર જવાબીપણું જોઇને અકબર બાદશાહને ઘણી નવાઈ લાગી, અને તેના ઉપર ફીદા થઇ કહેવા લાગ્યો કે હું તારા ઉપર ઘણો ખુશી થયોછું. તારે જે દરજાની નોકરી કરવી ગમે તે મારી પાસેથી માગીલે હું રાખવાને તૈયાર છું. તેને ફેફુળશાએ હસ્તે મોંઢે જવાબ દીધો કે જે નોકરી તમો નામદારના દરબારમાં કરવા

લાયક નથી તે મને કયાંથી આપશો. તેને બાદશાહે કહ્યું કે તને નોકરી કરવી નાપસંદ હોય તો કીમતી વસ્તુ તારે જે જોઇએ તે માગી લે. તેને ફોકુળશાએ કહ્યું કે જે વસ્તુ તમારી પાસે નથી તે મને તમે શીરીતે આપી શકશો. તેને બાદશાહ કહેછે એવી તે કઈ વસ્તુ છે કે તે મારી પાસે નહીં હોય? તેને ફોકુળશાએ કહ્યું કે સુખતો બાદશાહો પાસે હોતું નથી તેથી બીજા બધા મનુષ્ય કરતાં તેઓ ઓછું ભોગવી શકે છે, તેને બીરબલે કહ્યું કે અટ્યા અમારો શાહ આવડા ઉંચા રાજયાસન ઉપર બેઠેલો છે તેમ છતાં સું સુખી નહીં? તેને ફોકુળશા કહેછે ઉંચી જગ્યા ઉપર બેસવામાંજ મનુષ્ય પ્રાણીનું સુખ ગણાતું હોયતો તે ખરી વાત; તે મારા વિચાર પ્રમાણે તો જેમ જેમ ઉંચી જગ્યા તેમ તેમ પડવાની બીક વધારે છે. તેને બાદશાહ કહે છે અમારી આસપાસ અમીર ઉમરાવો બેઠેલા છે, તેમના મનમાં મારી શકિત વિશેની ખાતરી થઇ ન હોય તો તે શું? જયારે તારે મારો હુકમ માને એમ બધાનું દૈવતજ હું છુ ને? તેનો ફોકુળશા કહેછે કે બાદશાહ સાહેબ, તમે શું જાણુતા નથી કે મડદાંને કોચી ખાવાને તેની આસપાસ કાગડા વીંટાઈ વળે છે ત્યારે પોતાનો ઈરાદો તેને ખબર પડવા દેવી નહીં એવી મતલબથી પ્રથમ તેની આંખો કોચવા માંડે છે. પછી બાદશાહ કહેછે તારામંડળની અંદર જેવો ચંદ્રમા શોભે તેમ હું આ કચેરીમાં શોભી રહ્યોછું. તેને ફોકુળશા કહેછે યથાર્થી પ્રકાશીત ચંદ્ર તમે જરા કહોતો ખરા, કે વર્ષમાં તમને કેટલાં ગ્રહણ

લાગે છે? તેને બાદશાહ કહેછે તું એમ કેમ બોલે છે. માણસને તે વળી ગ્રહણ લાગતાં હશે. તેને ફોફળશા કહેછે હાજી, આ બધા આસપાસના ભાઇ સાહેબોની રોજ રોજ ખુશામત રૂપી વાદળી તમારી સમજણ ઉપર છવાઈ જાય એટલે તમને ગ્રહણ લાગ્યું સમજવું. તેને બાદશાહ કહેછે, તારે મારા રાજમાં ઉંચી જગ્યા લેવાની મરજી છે? તેને ફોફળશા કહેછે, હું મારે જેવો દરીદ્રપું તેવાજ ઠીકછું, સ્વતંત્રતા વેચીને ગુલામગીરી લઉં તારે તમારો નોકર થાઉં કેની, વળી એક બીજું કારણ છે તે સાંભળો, મારામાં લુચ્ચાઇ, દગલબાજી અને જુઠ્ઠાઇ, એ માંહેલું કાંઈ છે નહીં અને આવી સારી જગ્યાને યોગ થવા સારૂ તો એ ગુણ મુખ્યત્વે કરીને જોઇએ, તેને બાદશાહ કહેછે ત્યારે મારા દરબારમાં તારે આવવાનું કારણ શું હતું? તેને ફોફળશા કહેછે જે કારણ હતુ તે તો મારા જોવામાં આવ્યું નહીં અને આટલા દિવસ હું એમ સમજતો હતો કે, બીજા સાધારણ ઘર કરતાં દેવાલયનું શીખર જેમ ઊંચું હોયછે તેમ તેમ બીજા માણસો કરતાં આપ દશ કે બાર ફુટ વધારે ઊંચા હશો પણ આજે બધું પોગળ જણાઇ આવ્યું. તેથી તમારી યોગ્તા કરતાં મેં તમને વિશેષ માન આપ્યું એવી મારી ખાત્રી થઇ, કેમકે જેવો બે વટાણામાં ઘણું કરીને ફેરફાર હોતો નથી તેમ તમારામાંને એક સાધારણ મનુષ્યનામાં કાંઇ ફેર નથી. તેને બાદશાહ કહેછે આકાર અને દેખાવમાં હું બીજા માણસોના જેવો છું એ વાત ખરી પણ સતા અને પૈસાની બાબતમાં તેમના કરતાં

દશ ફુટ તો શું કીંવા સો વાર વિશેષ છું. તેને ફોફ્ળશા કહે છે, દ્રવ્ય અને શક્તિ બન્ને હોયતો જ્યાં સુધી મનુષ્યને તેનો ઉપયોગ કેમ કરવો એ સુઝતું નથી, ત્યાં સુધી તેને સુખ પ્રાપ્ત થતું નથી. તેને બાદશાહ કહે છે, તારે કહેવાની મતલબ એવી છે કે તેનો બરોબર ઉપયોગ કરતાં મને આવડતો નથી. ? તેને ફોફ્ળશા કહે છે એતો તપાસ કરવા ઉપરથી જણાઇ આવે છે, જ્યાં સુધી આ ભાઇ સાહેબની ખુશામત અને તેમના હાજી હાજીના અવાજ ફુલી જઇને સાંભળશો, ત્યાં સુધી તમે તેનો યોગ્ય ઉપાય કરો, એવું મને માલમ પડતું નથી, તેને સર્વ સભાજનો કહે છે અહા ! તેં તો હસાડીને અમારૂં પેટ દુખાડ્યું, તેને ફોફ્ળશા કહે છે, ખડ ખડ હસેછે, એતો મુર્ખ જાણવા, સર્વ ગુણો કરતાં નીષ્કપટભાવ અને પ્રમાણીકપણાને કચેરીમાંથી હમેશાં થોડું માન મળતું આવે છે, તેની ફોફ્ળશાને હવે ખાતરી થઇ, કેમકે બાદશાહનું તેમ સભાનું તેણે અપમાન કર્યું, તેથી તેને હાડોહાડ લાગી ગઇ, અને બોલ્યો કે તું હરામખોર ધણીદ્વેષી અને બેઅદબી માણસ છે, ફોફ્ળશાએ ધીર્યતાથી જવાબ દીધો કે મારો સ્વભાવજ મુળથી એવો છે, એટલે હું શું કરૂં. તેને બાદશાહ કહે છે, ચલચલ, નાદાન નીકળ એકદમ મારી કચેરીમાંથી. નહીં તો ધપ્પા ખાઇને નીકળવું પડશે ? તેને ફોફ્ળશા કહે છે, હમણાં તો હું આપના હુકમને માથે ચડાવી જઉંછું તે ધ્યાનમાં રાખજો કે માખીને જેમ જેમ ઉડાડી મુકવાને મેનત કરીએ છીએ તેમ તેમ પાછી આવતી વેળા તે વધારે

હઠાલી થાય છે, એવો મારો સ્વભાવ છે. તેને બાદશાહ કહે છે વારૂં ત્યારે તું માખના જેવો થઇને પાછો આવજે, તે એક સરત કે ઘણી માખોને તારી સાથે લેતો આવજે, જો એમ બન્યું નહીં તો યાદ રાખજે કે તારૂં માથું રહેવાનું નથી. તેને ફેકુળશા કહે છે. કબુલ છે સાહેબ, કબુલછે કાજી. (જાયછે.)

રમુજ ૪ થો.

વિચિત્ર કામ.

ફેકુળશા પોતાનું કામ શી રીતે પુરૂં પાડે છે તે જોવાને બાદશાહ ઘણો અધીરો થઈ રહ્યો હતો; કચેરીમાંથી ફેકુળશા નિકળો કે તુંરત પોતાને વતન ગયો, અને તેના બાપના ઘરમાં એક ઘરડો ઉંટ એવો હતો કે જેની પીઠ ઉપરની ચામડી બીલકુલ છોલાયેલી હતી, તેથી હજારો માખીઓ બણ બણાટ કરતી હતી અને ચુટી ખાતીઓ હતી, તેના ઉપર ચડીને ભાઇ દિલ્લી તરફ ચાલ્યા, જેમ જેમ ભાઇની સ્વારી આગળ અથડાવા લાગી તેમ તેમ આસપાસ માખીઓ એટલી બધી વીંટળાઇ વળી કે ફેકુળશા શેઠનો ચેહેરો બરાબર માલુમ ન પડતો. આવા ભભકામાં શેઠની સ્વારી બાદશાહની કચેરીમાં આવી ને દાખલ થઇ, અકબર બાદશાહ તેને જોઇને બોલી ઉઠયો; કે મે તને ફરમાવ્યુ હતું કે માંખો આવે છે તેના કરતાં વિચિત્ર રીતે તું તેઓને સાથે લાવ્યા સિવાય આવશે તો તારૂં મુસ્તક ધડ ઉપરથી જુદું પડાવીશ, તેને ફેકુળશા કહે છે, અરરપર

માંખો ગણગણાટ કરતી બેઠી હતી તેઓને ઉડાડીને તમે મને કહ્યું હતું તેજ રીતે હું આવ્યો છું, જુઓ આ સઘળી માંખો તમો એમ જાણોછો કે ઘરડા ઉંટ ઉપર માંખો બેસતી નહીં હોય? તેને બાદશાહ કહે છે હા બેસે છે. તેને ફોફળશા કહે છે પછી એજતો, હું ઘરડા ઉંટ ઉપર બેસીને આવ્યો છું તેની પીઠ ઉપરનો ચામડો બધી છોલઇ ગએલી છે, તેથી આ બધી માંખો જે તમારા જોવામાં આવે છે તે ઓએ આ ઉંટને કોચી ખાધોછે, એટલુંજ નહીં તે વચે મારા ભોગ મળા છે; કેમ કે હું મારી સરત મુજબ આવ્યો કે નહીં. તેને બાદશાહ કહે છે હા તેમજ તું આવ્યો, ખરે તું મોટો રાક્ષસ છે; જા હું તારા ગુન્હા બધા માફ કરૂંછું, હાલ તું ક્ષુધાતુર છે, તારે માટે કંઇ ખાવાનું મગાવું. તેને ફોફળશા કહે છે કામ પુરૂં થયાં પહેલું જમવું એ ઠીક નહી. તેને બાદશાહ કહે છે, ત્યારે શું હજી સુધી તારૂં કામ પુરૂં કર્યું નથી? તેને ફોફળશા કહે છે, અરે હજું સુધી ઇરાદોબી કર્યો નથી, તો પછી પુરૂં થાયજ કેમ, તેને બાદશાહ કહેછે. ઠીક ત્યારે આ કમકમાટ ઉપજાવે એવા જાનવરને કાઢો મુકીને તું એક ઠેકાણે જઇને બેસ. પછીથી આપણે વાતચીત કરીશું, હમણાંતો જો પેલા બે વણીક આવે છે, તેના કામને ફેંસલો કર્યા પછી તારી સાથે વાતચીત કરીશું. તેને ફોફળશા કહે છે હુકમ માથે ચડાવુંછું અને આશા છે કે તમે બરોબર ઇનસાફ કરશો. આ પ્રમાણે કહીને ઈનસાફ કેવો થાય છે તે જોવા સારૂ ફોફળશા એક કોરે જઇને બેઠો.

રમુજ ૫ મો.

હીરાના હારની ચોરી.

બે શેઠીઆ બાદશાહના તખ્તને બુચ્છો દઈ ઉભા રહ્યા. તેમાં જેનો હાર ચોરાયો હતો તેનું નામ કપુરચંદ, અને જેના ઉપર ચોરીનું તોહોમત આવ્યું હતું તેનું નામ વીરચંદ હતું. કપુરચંદે બાદશાહને નીચે પ્રમાણે અરજ કીધી કે ખાવીંદની હજુરમાં અરજ કરી જાહેર કરૂ છું કે આ વણીકે મારા ઓરડામાં પ્રવેશ કરીને મારો હાર જે એની કોટમાં છે તે ચોરી લીધો, અને મેં ઘણીવાર એની પાસે હાર માગ્યો તોપણ તેણે મને પાછો આપ્યો નહીં; અને તે કહે છે કે એતો મારો છે. દેવાળીઆના દીકરા તેલ પીણીના, ગોળ ખાણીના, માંગોડનો ચોરી નાખવા આવ્યો છે, પડીજા નાણાવટીના પાટલા ઉપર; એટલે તારા બાપનું દેવાળું પુરૂ થસે એમ બે ફાગ ગાળો દેવા લાગ્યો. અરે ગરીબ પરવર સલામત મારો હાર તેની પાસેથી અપાવશો એવી મને આશા છે. તેને વીરચંદ કહેછે બાદશાહ સાહેબ, આ વણીકે તમારી આગળ જે હકીકત કહી તે તદન જુઠી છે. મેં મારા ગાંઠના રૂપીઆ ખરચીને થોડા મહીના ઉપર ઝવેરી પાસેથી વેચાણ લીધો છે; તેમ છતાં મારો હાર મારી પાસેથી છીનાવી લેવાને ગળેપડું વાણીઓ ખોટું તહોમત મુકે છે, એ કેવું અજાયબ છે તેને કપુરચંદ કહે છે હે દિલ્લીના બાદશાહ આ વણિકનો એકે સ્વાલ આપ સાચો માનશો નહીં. એ સાલો રગે રગે જુઠો છે, અને હું માથે હા

શ્વરનો ડર રાખીને ખરે ખરૂં કહુ છું કે જે વસ્તુ મારી નથી, તે આખા જગતનો પૈસા મળે તો પણ તે મારી પોતાની છે એવું હું કદી બોલનાર નહીં. તેને વીરચંદ કહે છે અરે તરકટી તું કયા દેશનો ધુતારો છે, તારી વાત લોકના મનમાં ઉતારવા ને તનમનથી મચી રહ્યો છે તે તારૂ કાંઇ વળતું નથી ખરે તારા જેવો વિસ્વાસ કરવા જોગ જગતમાં બીજો કોઈ નથી, અટ્યા હાલ વાજતું ગાજતું માંડવે આવશે, અને હું કેટલેક દરજજે સાચો છું, અને તું કેવો જુઠ્ઠો છે તે બાદશાહના મગજમાં તુરત આવશે, તેને કપુરચંદ કહે છે, ઓ પૃથ્વી માતા તું માગદે અને આ વણિક પાપીને તારા પેટમાં સમાવી દે. એ દુષ્ટ પરમેશ્વરનો ડર નથી રાખતો, અને જન્મ લઇ જુઠું બોલે છે, અને જે મારો હાર છે તે પોતાનો ઠરાવી મારો દાવો રદ કરી ઉલટો મને ગળેપડું ઠરાવે છે; હે પરમોશ્વાર ખોટા ખરાનો સાક્ષી તુંજ છે. તેને બાદશાહ કહે છે તમારી બન્ને ખાતરી થાય એવી રીતે હું તમારા કામનો ન્યાય હમણાં કરીશ. એ હારને તોડીને કુવામાં નાખો, અને બન્નેજણ પાણીમાં પડી તેમાંના મણી, કીંવા સોનું શોધી લ્યો અને રાજી થઈ પોતાને ઘેર જાઓ. તેને વીરચંદ કહે છે વાહવાહ ! બાદશાહ સાહેબ ખરેખર ઇન્સાફ કર્યો તેથી હું બહુ ખુસી થયો; એટલાજ માટે કે હવે અમારેં તકરાર કરવાનું કાંઇ પળોજણ રહેશે નહીં. તેને કપુરચંદ કહે છે નહીં નહીં. બાદશાહ સાહેબ, એવું કરશો નહીં. કેમકે આ અમુલ્ય હાર નિરૂપયોગી થઈ પાણીમાં પડે તેની પછવાડે મારો અમુલ્ય જીવ જાય તેમ સામા દુશ્મ-

નના જીવનું જોખમ થાય એ કરતાં તે પાપી રાક્ષસ તો પરમેશ્વરનો ગુન્હેગાર છે. વળી આપ જેવા પ્રતાપી પુરૂષ એમ જાણશે કે આ માણસ નીર્લોભી અને નિષ્કપટી છે તેમ તેનો હાર જતો કરી સામાનો જીવ ઉગારે છે. અરેરે સાહેબ, હું સાચો માણસ છું તેને દુષ્ટ જુઠો તેઠે બનાવી મારી સુલેહનો ભંગ આ કચેરી વચ્ચે કરી હાર લઇ જશે તે કેવું અજાયબ! માટે એ હાર એને આપીને કજીઓ પતાવી દયો. તેને વીરચંદ કહેછે બાદશાહનો ઇન્સાફ વધારે પસંદ કરવા લાયક છે અને હારને તોડી કુવામાં નાખવા ખુશીછું કેમકે એથી કાંઇ કજીઓ કરવાનું કારણ રહેશે નહીં; અને આપણી બન્નેની વચ્ચે દુસ્મનાવટ થતી અટકશે. આ હું તોડીને કુવામાં ફેકુછું (હાર તોડવા જાયછે તે જોઇ કપુરચંદ જારબેજાર રડવા માંડે છે.) તેને બાદશાહ કહે છે ધીરજ! હવે મારી પુર્ણ ખાતરી થઇ કે હારનો ચોરતો વીરચંદીઓજ છે અને તેનો ખરો માલીક આ બીચારો કપુરચંદ છે. વળી એના કંકાસ અને રૂદન તથા વિલાપ જોવાથી ખાતરી થાય છે કે એ હાર એનોજ છે અને વીરચંદા તું ચોર છે તેથી હુકમ ફરમાવુંછું કે વગર ભાડાની કોટડીમાં તું સાત વરસ ચુનો ટીપવા જા, અને હાર તેના હાથમાંથી બાદશાહે લઇ કપુરચંદને આપ્યો.

રમુજ ૬ ઠી.

મહાજનનું ધાંધલ.

પેલા વણીકો કચેરીમાંથી ગયા નહીં એટલામાં ફો-

ફુળશા ફહ ફહ હસીને બાદશાહને કહેવા લાગ્યો કે બાદશાહ સાહેબ, જગતની ખબર તમને જરા થોડી છે. તેને બાદશાહ કહે છે એમ કેમ, તેને ફોફુળશા કહે છે કેમકે વણીકના બખેડા અને રોવા ઉપર તમે ભરોંસો રાખો છો! તેને બાદશાહ કહે છે મારે તે ઉપર ભરોંસો કેમ નહીં રાખવો જોઇએ તેને ફોફુળશા કહે છે મહાત્મા પુરૂષનું વચન ત્યારે, તમારા સાંભળવામાં નથી. વણાકના વિશ્વાસ ઉપર ભરોસો રાખવો નહીં; કેમકે તેઓને જ્યારે પોતાનુ કામ કાઢી લેવાનુ હોય છે, ત્યારે તેઓ રડે છે, ત્યારે વણીકોનું રડવું એ કેવળ ઠગ બાજી છે, અને એઓનાં કૃત્ય અને વચન એ તરકટ ભરેલાં છે, એમાં કાંઇ અંદેશો નહી. માટે જ્યારે તેઓ આંખમાંથી આંસુપાત કરે ત્યારે જાણવું કે હૃદયમાંથી હસે છે અને જ્યારે તેઓ કળાપો કરે ત્યારે સમજવું કે તેઓ તમારો ધિક્કાર કરે છે; એઓના મનમાં કાંઇક મતલબ હોય છે તે જગતને બતાવે છે. કંઇક માટે તેઓનું રડવું અને બળાપો કરવો, તથા પોતાના ચેહેરાનો એકાએક ફેરફાર કરી બતાવવો, એવા વણીકના ઢોંગ છે. કહેવત છે કે ડાહીના ગાંડા અને ગાંડીના ડાહ્યા તે વાણીઆ, જો કદી એને દાંત હોત તો પોતાની માનું પેટ ચીરી બહાર નીકળત; એવા ઠગણા વણીકના ભરોંસા ઉપર રહેવું તે ગેરવાજબી છે. તેને બાદશાહ કહે છે વણીકોના ઉપર તેં આ બધો ખોટો આરોપ મુકયો, કેમકે તેઓ દાનતદાર છે અને સુજ્ઞ વિવેકી હોય છે, કદાપી એક વણીક ભુલ થાપ ખાઇને ખરાબ

નીકળે, તેમ બીજા જાણવા નહી; કેમકે બીજી જાતિના કરતાં વણીક આગળ બુદ્ધિવાળા છે. તેને ફોફુળશા કહે છે કે એ દેખીતુંજ છે કે વણિકના ભણી તમારૂં વલણ છે તેથી તેમના લાભમાં આ એક મોટું ભાષણ કર્યું; હું જ ખરો કે કાલ સવારે આજનું આ બધું પોગળ છે એવું હું તમારી પાસે કહેવરાવું કેમ મરજી છે સાહેબ, તેને બાદશાહ કહે છે જોતું એમ કરે તો દુનીઆમાં આજ સુધી જે મહાત્મા પુરૂષો થઇ ગયા છે તે માંહેલો હું તને મુખ્ય ગણું; યાદ રાખજે બચ્ચા, જો એમ બન્યું નહીં તો ફાંસીએ દીધા વિના છોડનાર નથી. તેને ફોફુળશા કહે છે બહુ સારૂં સાહેબ, હમણાંતો સલામ, કાલની વાત કાલે છે.

રમુજ ૭ મો.

કપટ.

હવે ઘણી રાત પડી હતી, તેથી બાદશાહ પોતે આરમ લેવાને ગયા, ને ફોફુળશા સારી રીતે ખાઈ ને એક પાસેની ધર્મશાળામાં જઈને સુતો હતો તેને પોતાની મુરાદ પાર પાડવાની જુગ્તી તેને સુઝી નહીં, ત્યાં સુધી ઊંઘ આવી નહી, તેથી ચીંતા કરતાં જયારે તેને વિષ્યે થયું, ત્યારે તેને સમસમાટ ઊંઘ આવી. બીજે દહાડે સવારમાં તે પોતાની પથારી ઉપરથી ઉઠીને વહેલો વહેલો કપુરચંદ શેઠનું ઘર શોધતો શોધતો તેની પાસે ગયો અને નીચે પ્રમાણે તેની સાથે મસલત કરવા ને મંડી ગયો. તેને ફોફુળશા

કહે છે બાદશાહે હવે શું કરવાનું ધાર્યુ છે; તે તારા સમજવામાં નથી, કપુરચંદ કહે છે ના મનેતો કાંઇ ખબર નથી, તને માલમ હોય ને તું મને કહેતો બહુ સારૂ. તેને ફાકુળશા કહે છે હા, ત્યારે હું તમને કહુંછું તે સાંભળો. બાદશાહે તારા લાભમાં ઇન્સાફ કીધો છે તે ફેરવવાનો તેણે નિશ્ચે કર્યો છે, અને પહેલા ઠરાવ પ્રમાણે વીરચંદની બીજી વખતની ફરીયાદી ઉપરથી હારને કુવામાં નાખી ને તમો બન્ને જણને જે જડે તે તમારા ભાગ્યનું છે. કેમકે બાદશાહ કહેતા હતા કે એમ કરવાથી ફરીથી કોઇને ફરિયાદ ઉઠાવવાનું કારણ રહેશે નહી. તેને કપુરચંદ કહે છે, એમ કેમ થાય, હારનો માલીકતો હુંજ છું. એવી બાદશાહની ખાતરી થવા ઉપરથી તેમણે મારા સ્વાધીનમાં હાર આપ્યો છે તે વચનથી ભંગ કેમ થાય. અટ્યા ગામડીઆ તું મને ઠગવા તો આવ્યો નથી; ચાલ વખતતો ઘણો છે. તેને ફાકુળશા કહે છે ખરે હું તારી મશકરી કરતો નથી, બાદશાહે તેમજ કહ્યું ને મેં મ્હોડે મ્હોડ સાંભળ્યું છે. તેને કપુરચંદ કહેછે અરે આતે શું કહેવાય, કદાચીત એ લુચ્ચાને ખુસી રાખવાને વાસ્તે બાદશાહે એમ ધાર્યું હશે તેમ હોય, વાહ બાદશાહની બહાદુરી જયારે આવી રીતે ખરાને ખોટો કરી અને ખોટાને ખરો કરી તેને ઉતેજન આપશે ત્યારે અરે ઇન્સાફ તારી શી ગતી થશે. કેમકે હારને પાસે લઇ પોતાના મન સાથે કહેવા લાગ્યો કે ઓ મારા બાપ તમારૂં રળેલું આ ગુપ્ત દ્રવ્ય મારી આગળ આટલું હતું તે જશે ત્યારે મારો નિર્વાહ હું શી રીતે કરીશ; એમ કહી જાર બેજાર

રડવા માંડયો. માટે તે લુચ્ચાંને બાદશાહ ઉત્તેજન આ-પાં મારી ગરીબની આંતરડી બાળી તેને આ અમુલ્ય હાર સોંપશે ત્યારે મારા પ્રાણ તરફડીને ઉડી જશે, તેના પાપનો બદલો બાદશાહને ભોગવવો પડશે. તેને ફેફુળશા કહેછે અરે પ્રભુનો ઉપકાર માન કે આ તારૂં દુઃખ ઓ-છું થશે. તેને કપુરચંદ કહેછે આ કરતાં બીજું વધારે ક-ષ્ટ શું પડવાનું છે? તેને ફેફુળશા કહેછે બાદશાહે હાલ એક એવો કાયદો કહાડયો છે કે જૈનને દીન બંન્ને ભેળા આવ્યા છે તો તે અમારી કોમમાં ભેળવવા. તેને કપુરચંદ કહેછે એતે શો ગજબ! બાદશાહ મારીને મુસલમાન ક-રશે. અરે આહેશર ભગવાન્ શ્રાવકને મુસલમાન કરી સુની-ત બેસાડશે ત્યારે આ શેહેરમાં કળાહોળ થઇ રહેશે, તેને ફેફુળશા કહેછે એતો પરમેશ્વર જાણે, પણ હું તને ખબર આપવા સારૂં આવ્યો છું કે બાદશાહના મુખમાંથી મેં સાંભળ્યું છે, જો તમો મારૂં ખરૂં માનો તો એ કાયદો અમ-લમાં આવે તેના અગાઉ બીરબલ પાસે મહાજન સર્વ મળી કાંઇ ઉપાય કરો; કેમકે બીરબલ પણ હીંદુ છે તે તમારા મતને મળશે તેથી બાદશાહનો કાયદો પસાર થવા નહીં દે. આવી રીતે તેને વિચારમાં પાડીને ફેફુળશા બાદશાહ-ની કચેરીમાં આવ્યો અને હવે કેવી રમુજ થશે તે જોવાને સારૂં ટગરમો રહ્યો હતો.

રમુજ ૮ મો.

શ્રાવકના ધર્મ વિરૂદ્ધ ધાંધલ.

કપુરચંદ જે ફોકુળશાના ઉશ્કેર્યાથી ચડી ગયો હતો, તે સર્વે ભાઇઓને એકઠા કરી તેની આગળ બાદશાહે નવો ધારો ઠરાવ્યો તે બ્યાન વિગતવાર ખબર કહી, તેથી આ વાત સાંભળીને લીલા પીળા થઇ ગયા અને ઠામ ઠામ એક બીજાને વાતો કરવા લાગ્યાં, કે થોડી વખતમાં આખા દિલ્લી શેહેરને મુસલમાન કરશે તેથી તેની એકમત કરી સર્વ એકઠા થઇ બાદશાહની કચેરીમાં ગયા અને તેને ક્રોધથી કહેવા લાગ્યા કે ઓ અકબર તું અમોને મુસલમાની ધર્મ પળાવી કલમો પડાવશે, ત્યારે હીંદુઓના ધર્મનું રક્ષણ કોણ કરશે, અરે દયાળુ તારા જેવા નિતીવાન પુરૂષ એવું ભાષણ કરશે ત્યારે આગળના નિર્દય બાદશાહો કરી ગયા, તેનામાં અને તારામાં શો તફાવત. તે સર્વ ફોકુળશા એક તરફ ઉભો રહી સાંભળે છે અને બાદશાહ ક્રોધના આવેશમાં બોલી ઉઠયો કે અરે નાદાનો તમો શામાટે ફરીયાદ ઉઠાવા માગો છો. એક શ્રાવક બહાદુરીથી બોલી ઉઠયો કે અરે અકબર આતે તારો શો અધર્મ અને જુલમ, તારા મગજમાં કેવી મુખાઇ ઠસી ગઇ છે કે હીંદુના ધર્મમાં રહેલા એવા જે જૈની તે મુસલમાની ધર્મ શીરીતે પાળી શકે; કેમકે તમારો ધર્મ હીંસારીક છે, અને અમારો ધર્મ જીવ દયા પાળવાનો છે, એ મીઆં અને માહાદેવને મેળ કદી થવાનો નથી. તેને બાદશાહ કહે છે, અરે અભાગીઆ

ઓ તમે શું બકો છો? તેને વણીકો કહે છે, શું વીચારીને બોલ તને ધીક્કાર છે તારા જીવને ધિક્કાર છે, તારા રાજયને, ધિક્કાર છે તારા ન્યાયને. શું કરીએ જે રાજ્યાસન ઉપર બેઠેલો પોતાના બાપ સમાન જાણી અપમાન કરતા નથી. નહીંતો હમણાં તારા રાજયાસન ઉપરથી ઢોળી પાડીને તારી જીભાન ખેંચી કહાડીશું, અને આંખો કોચી નાખીશું. તેને બાદશાહ કહે છે, અરે કુતરાઓ જરા પાંસરી રીતે મને કહો તો ખરા, કે મેં કર્યું છે શું? તેને વણીકો કહે છે, ભાન બાન વિનાના હતા કે શું હમણાં બોલ્યા તે સાંભળ્યું નહી. તેને બાદશાહ કહે છે મારા સાંભળવામાં તે ખરે ખરૂં આવ્યું નથી, ફેરી કહો. તેને વણીકો કહે છે, જેઓને યાદ રાખવાની કાળજી ના હોય તેના જેવો બેવકુફ બીજો એકે નહીં. કોઇએ ન સાંભળ્યો હોય તેવો આકટ કહાડયો છે કે જૈન અને દીન બન્ને એકઠા આવેલા છે, વાસ્તે તેને મુસલમાન કરવાનો ધારો તમોએ ચોકસ કર્યો છે, એ કેવું અઘટીત છે. તેને બાદશાહ કહે છે, હે ચંડાળ દુષ્ટ, કૃતઘ્ન, વણીકો મેં આવો આકટ કયાં કહાડયો છે; નોલેજ અને નાગાઓ તમે તમારૂં કાળું કરીને મારી રાજસભામાંથી જાઓ. મારી હવે પકી ખાતરી થઇ કે વણીક જાત બેવકુફ અને બેસરમી છે, અને દુષ્ટતાઇ તથા કપટ ઉપરપળ કરનાર વણીકજ છે. કેમકે નંદ રાજાને વૈલોચને કપટથી મારી નાંખી ચંપાનેર ઝાડ તળે દાટયો હતો, તેમાંના તમો કે બીજા; વળી ગરીબના ઉપર જુઠી ફરિયાદ કરનાર, જુઠા દસ્તા-

વેજ બનાવનાર, મનુષ્યનો પૈસા માટે વધ કરનાર પાપીઓ તમેજ છો. અરે નાસ્તીકો ઝીણા જીવને પાળો છો, અને મોટાના પ્રાણ હયો છો, તે પાપીને ખુદા ડોઝકમાં બી રાખે નહીં, તો તમો નાપાકને પાક કરી કલમો પડાવવાથી કેટલું નુકશાન થશે, તે તમો તમારા મનમાં વિચાર કરી આવુ જુઠું વાંધલ કરો કે આ સઘળું બનાવનાર તમારો જાતીભાઇ હોવો જોઇએ.

રમુજ ૯ મો.

પ્રેમ અને પ્રીતીમાં ભાગીઓ પાલવતો નથી.

જ્યારે વણીકો જતા રહ્યા, અને બાદશાહ જરા નરમ પડયો, ત્યારે ફેફુળશાએ જે એક દીવાનખાનામાં બેઠો બેઠો જોયાં કરતો હતો, તે પોતાની ચડતી થએલી માનીને હસ્તે મુખેબાદશાહની નજદીક આવીને કહેવા લાગ્યો કે, કેમ બાદશાહ સાહેબ, હવે શું હુકમ છે. વણીકો વિશેનો તમારો અંદેશો મેં ફેર બદલ કરાવી નાંખ્યો કે હવે તમોએ વણીકનાં ફોગટ વખાણ કર્યાં કે નહીં. તેને બાદશાહ કહે છે, હા શેઠ આવી દુષ્ટ જાતી તો મેં કદી પણ દીઠી નથી. કેવી નઠારી વાત કરી મને સમજાવવા આવ્યા કે નાસ્તીક ને મુસલમાન કરવા અમારા શાસ્ત્રમાં યોગ્ય નથી. ફેફુળશા કહે છે, આપણો કરાર શો છે તે આપને યાદ છે. તેને બાદશાહે કહ્યું હા, વહાલા તું જીત્યો ખરો ફેફુળશા તું તખ્ત ઉપર બેસવા યોગ્ય છે, માટે તું મારી પાસે બેસ !

તેને ફેફૂળશા કહે છે, એક ઠેકાણા ઉપર બે માણસથી કેમ બેસી શકાય. તેને બાદશાહે કહ્યું કે, તારે સારૂં હું બીજું તખ્ત કરાવીશ, તે ઉપર તું બેસજે. ને આપણે બન્ને પછીથી ભેગું કામ ચલાવીશું; તેને ફેફૂળશાએ કહ્યું કે, પ્રેમ અને પ્રીતીમાં ભાગીદાર રાખવો પાલવતો નથી. માટે રાજયના અધીપતી તમો છો તે પ્રમાણે રાજ્ય કારભાર ચલાવ્યા કરો. તેને બાદશાહ કહે છે, મને માલમ પડે છે કે એ સઘળું તરકટ તેં ઉઠાવ્યું છે? ફેફૂળશા કહે છે હા, તેમજ છે. પણ તમો હવે મને શિક્ષા કરી શકનાર નથી, કેમકે મારો સવાલ પાળવાને માટે મને આપે જે સારો રસ્તો બતાવ્યો તે મેં પકડયો. તેને બાદશાહે કહ્યું કે, જ્યારે એમ છે ત્યારે હું તને શિક્ષા કરનાર નથી. પણ તેં શી યુક્તિ કરી તે કહે? તેથી ફેફૂળશા કહે છે અહા એમાં શું મનેતો જરા અડચણ પડી નથી; હું તો ચાલ્યો ચાલ્યો કપુરચંદને ઘેર ગયો ને તેને સમજાવ્યું કે, વીરચંદના આગ્રહ ઉપરથી બાદશાહે પોતાનો હુકમ ફેરવીને હારના ચૂરા કરીને કુવામાં નાખવાનો ઠરાવ કર્યો, અને વળી એક આવો કાયદો શોધી કહાડયો છે કે, જૈન અને દીન એકઠા જમે, એવાં ફેફૂળશાનાં વાક્ય સાંભળી બાદશાહને ક્રોધ ચડયો. તમે કહો જાણતાં હશો કે મારી આગળ ફરિયાદી આવ્યા એટલે મનેજ ખબર છે, તો તે વાત આખા શહેરમાં પસરાય તેથી ધાંધલ કરી તમારી પાસે આવ્યા.

રમુજ ૧૦ મો.

વિચાર.

હવે ફેફુળશા પોતાની હિકમત કરી રહ્યો ત્યાર કેડે બાદશાહ કહેવા લાગ્યો કે, અરે શેઠ તું તો બડો પહોંચેલો દેખાય છે. હવે સમજ્યો કે ગરીબ વણીકોને ક્રોધ થવાનું કારણ એ હતું કે કાંઇ પણ કારણ સિવાય તેઓ વાંધલ મચાવે, તેવી તેમની લુચ્ચાઇ ન હતી. તેમજ એ સઘળાનું કારણ તું હઇશ. એવું મારા લક્ષમાં નહોતું આવ્યું, અરેરે ખુદા વિનાકારણ મેં તેમનો ધિક્કાર કર્યો, તેથી મને ઘણો વિચાર થાય છે. વણીકો કેવા ગરીબ પ્રીતી કરવા યોગ્ય. મને જો આ સઘળું માલમ હોતતો કોઇ મને આખા જગતનું રાજ્ય આપત. તો તેઓને ધિક્કાર લાગે એવો એક શબ્દ બોલત નહીં; કબુલ કરૂં છું કે, મેં મોટી ભુલ કીધી અને તેને ફરીને કહું છું કે, વણીક વીનાનું નગ્ર સુનું સમશાન જેવું માલમ પડે છે. વળી કહેવત છે કે રાવણનું રાજ્ય વાણીઆ વિના ગયું; એવા જે શેઠ શાહુકારો, ઝવેરીઓ, નાણાવટીઓ વિગેરે અનેક જૈનીને મેં વિના કારણ ધિક્કારી મારા મેહેલમાંથી કાઢ્યા; એ પાપી એ કર્તવ્યનો કરનાર તુજ છે. તેને ફેફુળશા કહે છે હા, ચાબુક મારવો પડે નહી એવા ઉંટ જેવો તોબરો તેને બાદશાહે કહ્યું કે એવા હઠીલા પશુના જેવો તું છે તે તું એમ લવે છે? તેને ફેફુળશા કહે છે, હું એવો છું તેવું તમને જોવામાં આવે છે, ઠીક છે ત્યારે હવે જ્યારે તમે વણીકનિ તરફ

ખેંચીને તેમનીજ પક્ષનું બોલો છો, ત્યારે આપણે એવાત જવા દેવી, જેવાત બની તે બની. તેને બાદશાહે કહ્યું, મારો જે મીત્ર હોય તેણેતો વણીકોની વિરૂદ્ધમાં કાંઇ પણ સવાલ બોલવો નહીં, કેમકે કોઇને તે નડતો નથી. કોઇની સાથે કંકાસ કજીઓ કરતા નથી, પણ રાંક, શાંત, પ્રીયકર અને સલાહ સંપવાળા, અને પ્રીતી તથા સારા ગુણથી ભરેલા છે એટલા માટે, હું તને આગળથી ચેતાવું છું કે ખબરદાર જો હવેથી તેઓને ક્રોધ ઉત્પન્ન થાય એવું કરશો તો સખત-શિક્ષા કર્યા વિના મેલનાર નથી. તેને ફેફુળશાએ કહ્યું, આ મારૂં વચન છે કે હવેથી એ વિશે હું કદી કંઇ બોલનાર નથી, માટે એ વાત દાટી દઇને આપણે બીજી વાતો કરીએ અને મીત્રતા જોડીએ, તેને બાદશાહ કહે છે ખરી વાત, એક કહેવત છે કે "શાણા પુરૂષોના ક્રોધથી અને વહેતા પાણીથી વેગળું રહેવું" તેને ફેફુળશા કહે છે, એમ પણ છેક છાનું માનું બેશી રહેલું વાઘનું બચ્ચું અને બેઠું પાણી એનાથી પણ સાવધાન રહેવું જોઇએ.

રમુજ ૧૧ મો.

બીરબલનું ઘર.

આ પ્રમાણે ફેફુળશા અને બાદશાહ વાતો કરેછે, એટલામાં બીરબલનો એક ચાકર દરબારમાં આવ્યો અને કહેવા લાગ્યો કે "બીરબલ સાહેબ ફેફુળશાને મળવાની ઘણી આતુરતા રાખે છે, માટે તે એકવાર તેમના મેહેલમાં પધારે તો ઘણું સારૂં (રાજાના કાનમાં કહે છે વણીકોની

નીંદા કરવામાં તે ઘણો આનંદ માની લે છે; એવું જાણવામાં આવ્યું છે માટે ધોકાથી તેનાં હાડકાંને પાંસળાં જુદાં કરવાનો બીરબીલ સાહેબનો મનસુબો છે એટલે બાદશાહ ફોફલશાના ભણી ફરીને બોલ્યો કે બીરબલે તને તેમની હજુરમાં બોલાવ્યો છે, કેમકે, તેમનાં તને મળવાની ઘણી મરજી છે. તેને ફોફલશા કહે છે, બે મતલબની ખબર હોય છે. તેને બાદશાહે કહ્યું કે અપરાધીને અંદેશો સદા હોય છે ? તેને ફોફલશા કહે છે લોકોની રીતભાત દરબારની રીતભાતને લાગુ પડતી નથી; તેને બાદશાહે કહ્યું, નિરપરાધી માણસ, ભરેલી તોપને મ્હોડે ઉભો રહેવાને ડરતો નથી. તેને ફોફલશા કહે છે, ક્રોધાયમાન થએલો વજીર, અગ્નિનો ભડકો અને તળવાની કઢાઇનું છીદ્ર એ વસ્તુઓ નુકસાનકારક સમજવી, તેને બાદશાહે કહ્યું ભાઇ સાહેબ, ઘણીવાર એવું બને છે કે અપરાધીને જે વિશેની બીક હોય છે તે છેવટે મો આગળ આવીને ઉભું રહે છે તેને ફોફળસા કહે છે કે જેમ, માછલી તલપ મારવા જાય છે, પણ તે પાછી અગ્નિમાં પડે છે ? તેને બાદશાહે કહ્યું કે, ખાડો ખોદે તે પડે તેથી ફોફલશા કહે છે, લેને ગધપુત તો ખોઇ બેઠી ખસમ, તેને બાદશાહ કહે છે જે ગાંઠ બાંધે તે છોડે. તેને ફોફલશાએ કહ્યું મજબુત ગાંઠ બંધાઇ તે છોડવી મુશ્કેલ ? તેને બાદશાહ કહે છે કાંટા વીણવા જાય તેણે આડવે પગે જવું નહીં; તેને ફોફલશાએ કહ્યું કે, જે વાત મન કરવાને ના કહે તે કરવી નહીં. તેને બાદશાહ કહે છે જાણું કાંઇ બીક રાખીશ નહીં, કોઇ તને હરકત કરનાર નથી;

તેને ફોફલશા કહેછે કહેનારને સહેલું અને કરનારને કઠણ છે; તેને બાદશાહે કહ્યું તને એમ લાગે છે કે બીરબલ મને હેરાન કરશે; તેને ફોફલશાએ કહ્યું; કોપેલો વઝીર કાળ રૂપ છે. તેને બાદશાહ કહે છે, ના, ના; બીરબલ બહુ ભલો અને સુજાણ છે, ખાતરી રાખ કે તારો વાળ સરખો વાંકો થવા દેઇશ નહીં. આખરે ફોફળશાએ બીરબલ પાસે જવાનું ઠરાવ્યું, અને બીરબલને ખબર થઇ હતી કે આગલે દહાડે વણીકોને તેણે ઠગ્યા હતા, તેથી પોતાના નોકરોને ચેતાવી રાખ્યા હતા કે ફોફલશા આવે કે તુરત અંદર પેસવા દઇને કમાડ સાચવવાં, અને પછી ભાઇની પુજા કરવી.

રમુજ ૧૨ મો.

અગ્નિના જોસમાંથી બચાવ.

જ્યારે બીરબલે ફોફલશાને જોયો ત્યારે, તે બોલી ઉઠ્યો કે, “અરે આતો કઢીવર સરખા નાકનો અને વાંદરાના દેખાવનો દેખાય છે ફોફલશા હસીને બોલ્યો કુતરૂં રોટલીના કડકા માટે પુછડું હલાવે છે; કાંઈ લાડ માટે નહીં. તેને બીરબલે કહ્યું કે, તું પોતે કયા નામથી ઓળખાય છે. તેને ફોફળશાએ કહ્યું, હું કોઇને નામ દેતો નથી. તેને બીરબલે કહ્યું, તને બીજા લોકો શું કહીને બોલાવે છે? તેને ફોફલશા કહે છે જ્યારે કોઈ મને બોલાવે છે ત્યારે હું તેને જવાબ આપુંછું; તેને બીરબલ કહેછે કે તારૂં નામ શું? આવી રીતે વાતચીત થાય છે એટલામાં એક દાસ ફોફલ-

શાને કાયર કરવાનો પ્રારંભ કરવા માટે તેને અગ્નિથી બા-ળવા માટે એક વાસણમાં દેવતા ભરીને ધીરે ધીરે આવ્યો, તે પહોંચેલો ગામડીઓ તરત સમજી ગયો કે હવે આપણો ધાર ઘડવા માંડે છે, તેથી પોતે તેમનો મનસુબો સમજ્યો છે, એવું બતાવ્યા વિના તથા વાતચીત કરવામાં બંધ પડી ગયા વિના અગ્નિના ઝપાટામાંથી બચી જવા સારૂ વીજળી-ના જેવી ત્વરાથી એક હિકમત શોધી કહાડી. તેને ફેકુળશા કહે છે, મારૂં નામ ફેકુળશા તેને બીરબલે કહ્યું, અરે ફેકુલશા તું તે આવડો કસબી અને હિકમતી ક્યાંથી, તને યંત્ર મંત્ર આવડે છે કે શું ? તેને ફેકુલશાએ કહ્યું, મેં જે કર્યું છે, તે તો હું જે કરી શકુ તેના પ્રમાણમાં કાંઇજ નથી. શાબાશી મારી હિકમતને ! હું ફલાણું તો ના કરી શકું એવું તમારે ધારવુંજ નહીં, તેમજ જો કોઇ મારી પછવાડે ઉભુ રહીને વદેતાથી મને નવરાવી નાખે તો ગમે તેના મનની છાની વાત, છાની મસલત, સ્ત્રીઓના દગા ફટકા, તેનાયાર કોણ કોણ છે, તથા તેના મનમાં તે વિશેના કેવા વિચાર આવે છે, એ તમામ દિવસના અજવાળાની પેઠે મારા જાણવામાં આવે, અને પછીથી જે વાત હું ઉઘાડી કરીને કહુ તેથી ઘણું અચરત લાગ્યાવિના રહેજ નહીં. આ વાત સાંભળી-ને બીરબલની દાસી જે ફેકુલશા ઉપર દેવતા નાખવાની તૈયારીમાં હતી તે છાનામાની, જાણે ફેકુળશા એ વિષે કાં-ઇ જાણતો નથી; એવું સમજીને ચાલ્યો ગયો. ફેકુલશા લોકોના મનના વાત જાણી શકે એવો કોઇ વિલક્ષણ મા-ણસ છે, એવો તેનો ઢોંગ બીરબલના નોકરોના જાણવામાં

ખરો આવ્યો; તેઓ જે કાંઇ હરકત કરવાને ધારતા હતા, તે પ્રમાણે કરી શક્યા નહીં, કેમકે હરેકનામાં થોડી ઘણી એબ હતી, પરંતુ બીરબલની સ્ત્રીને ઘણો ક્રોધ ચડયો, એટલે તે બોલી ઉઠી કે હાંરે જુઓ છો શું. એવું કહેતામાં ચારે બાજુથી દાશીઓ તથા નોકરો ધોકા હાથમાં લઇ ફેફુળશાની આસપાસ વીંટાઇ વળ્યા, આવો અણીનો સમય છતાં તેને એક યુક્તિ સુઝી, અને મોટો હોકારો કરીને બોલી ઉઠયો કે તમારા બધામાંથી બાદશાહને ઝેર દેવાની મસલતમાં જે સામેલ હોય તેણે મારા ઉપર પેહેલો હાથ ઉગામવો, પછીથી હું શું કરનાર છું, તે મારૂં મન જાણે છે. ફેફુળશાનું આવું એકાએક બોલવું સાંભળીને સર્વેના મનમાં આવ્યું કે ખરે બાદશાહને ઝેર દેવાની કોઇએ કંઇ મસલત કરી હશે, માટે આપણે તેમાં નહીં છતાં એના ઉપર હાથ ઉગામીશું તો ગુન્હેગાર ઠરીશું; બીજીએ વિચાર્યું કે મેં તો સ્વપ્નામાં એવો વિચાર કર્યો નથી. ત્યારે મારે શું કરવાને અગાડી પડવું જોઇએ, ત્રીજીએ ધાર્યું કે બાદશાહ એટલા બધા માયાળુ છે, તેને મારી નાખવાનું ધારવું એતો ઘણુંજ ખોટું; ચોથી સમજીકે આવા વિચારમાં સામેલ થવું એ કૃતઘ્ન અને મહા પાપનું કામ કહેવાય, આવી રીતે સર્વે જણ પોતપોતાના મનમાં વિચાર કરીને નીચે મોઢે ભયભીત થઇને જતી રહી, અને ફેફુળશા જે ખરેખરો કબજામાં આવી ગયો હતો તે મારના ઝપાટામાંથી બચી ગયો.

રમુજ ૧૩ મો.

કાંણાનો બચાવ.

બીરબલે ધારેલા વિચાર પાર પડ્યા નહીં તેથી એને રોમ રોમ લાગી ગઇ હતી. માટે ફેફુળશાને કેવી રીતે શિક્ષા થાય તે વિશેથી તે ક્રોધને આધીન થઈ ગયો હતો, તેથી માલમ પડતું હતું, પણ આખરે તેણે દીવડી ઉપરના સિપાઇઓને બોલાવીને છાનુંમાનું કહ્યું કે મારી પાસેથી હમણાં જે તમારા તરફ આવે તેને સારી પેઠે માર મારજો; એટલે સુધી કે તેની રગે રગ જુદી થઈ જાય, પછીથી ફેફુળશાને રજા આપી કે હવે જા, તું ચાર દહાડા કેડે આવજે. ફેફુળશાના જાણવામાં આવ્યું હતું તેથી સમજ્યો કે હવે બચવું વિકટ છે, તોપણ તેમણે પોતાની અગમ બુદ્ધિ અને યુક્તિની એકવાર ઓથ લીધી, અને તેની દયાથી તેને તરત સુઝી આવ્યું, તે બીરબલને કહેવા લાગ્યો કે, તમે મારી સેવા કરવાનો ઉપયોગ કર્યો છે તે મારા સમજવામાં આવ્યું છે. તમારી એવી ઇચ્છા છે તો કાંઈ ફિકર નહી, મને વચન આપો તો તમારો મોટો પાડ માનીશ. તે વળી એટલુંજ કે આ મારી આંખ કાંણી થઇ છે તેથી એક તરફની દેશ ઉજ્જડ થઇ છે, માટે મારા બધા શરીરના ભાગમાંથી કાંણાનો બચાવ કરવા વિષેની છૂટ આપશો તો તમારો ઘણો ઉપકાર માનીશ; આવું માગી લેવામાં ફેફુળશાની શું મતલબ હશે તે જાણ્યા વિના સિપાઈઓને કહેવડાવ્યું કે કાંણાનો બચાવ કરજો. ફેફુળશા આધો પા-

છો જતો રહે નહીં, એટલા માટે તેની સાથે બે ત્રણ ચાકર મોકલ્યા; તેઓને પડખે પડખે ધ્રુજતો ધ્રુજતો ચાલ્યો. સિપાઈઓ ધોકા લેઇને મારવાને તત્પર થઇ રહ્યા હતા, તેમનો ઈરાદો જોઈને તે બોલ્યો કે બીરબલનો હુકમ છે માટે કાણાનો બચાવ કરજો. સિપાઇઓને આગળથી ખબર મળી હતી તેથી ફેફુળશાને કાંણો જાણી અટકાવ કર્યા વિના જવા દીધો; તેણે દરવાજે મુકયો કે પાછો સાજો થઇને સીંહના મોમાંથી શીયાળ સટકી જાય તેમ છટકી ગયો. અને બીચારા ચાકરોને તેમનું કાંઇ સાંભળ્યા વિના સિપાઇઓએ ખુબ ધોકા માર્યા, ચાકરો બીચારા પોકાર કરીને લુલે પગે ખોડાંગતા ખોડાંગતા બીરબલની પાસે ગયા. તેમની હકીકત સાંભળીને જે ક્રોધ ઉત્પન્ન થયો તે લખવા કરતાં વારવામાં તુરત આવંશે. આખરે ફેફુળશાનું વેર લેવાનો બીરબલે મનમાં પકકો ઠરાવ કરી રાખ્યો, અને બીચારા ચાકરોને હળદર કીંચા મીઠું ભરાવવા તથા ફુકાવવાનો હુકમ કીધો. બીજે દિવસે હમેશાંના રીવાજ પ્રમાણે અમીર ઉમરાવો અને રજપુત લોકો કાજી વજીર વિગેરે કચેરીમાં બેઠા હતા. તેમાં બાદશાહના હુકમ પ્રમાણે ફેફુળશા શેઠ જીતીને ખુશાલીમાં આવીને ઉભા હતા, તે અવસરે બાદશાહે તેને હુકમ કીધો કે કેમ ફેફુળશા બીરબલ પાસે ગયા હતા, ત્યાં શું થયું; ફેફુળશાએ જવાબ દીધો કે બાદશાહ સાહેબ તમે વિચાર્યુ હતું તે કરતાં ઠીક થયું છે. તેને બાદશાહે કહ્યું, સમુદ્ર ખુબ ઉછળેલો હતો કે શું ? તેને ફેફુળશાએ કહ્યું, હોંશીયાર કપ્તાન હોયતો

તોફાનમાંથી તે બચી જાય છે. તેને બાદશાહે કહ્યું, કેમ કાંઈ મહા તોફાન આવી અટયુ હતું કે શું ? તેને ફોકુળશાએ કહ્યું. (હસતાં હસતાં) હાજી મુઆ મીઆં કાજી, તે બીજાની પીઠ ઉપર પડયુ. તેને બાદશાહે કહ્યું, તોફાન હવે બંધ થયું એવું તને ભાસે છે, તેને ફોકુળશાએ કહ્યું, પાતાળ ને ક્રોધે થએલું મુકીને આવ્યો છું. આ પ્રમાણે વાતચીત કરેછે એટલામાં એક રાજુલા નામનો કદરૂપો માણસ આવી કચેરીમાં ઉભો રહ્યો, અને તેને જોઇને સર્વે ખુબ હસવા લાગ્યા, તેને રાજુડો કહે છે બાદશાહ સાહેબ જો તમારી મરજી હોયતો આ લુચ્ચા પુરૂષ સાથે હું વાતચીત કરૂં, તે ઉપરથી એની ખરી ખાતરી થશે કે આ એક વળી મારો બરોબરીયો મળ્યો; તેથી એનો બીજાજ નીચો બેસશે. તેને બાદશાહે કહયું કે હોંશીયાર રહેજે કે તેને બનાવવા જતાં તુ બને નહીં. તેને રાજુડો કહે છે (પોતાની ચડતી થશે એવું વિચારીને) એ વિશેનો નિશ્ચય રાખવો પછીથી પોતાના મગજ ઉપર વિશ્વાસ રાખીને જાણે તે વિચાર એકઠા કરી રાખતો ન હોય એવું ડોળ દેખાડતો આમ તેમ કરવા લાગ્યો, અને થોડીવાર પછી ચોંકી ઉઠ્યો કે હું તો મારી મેળે તૈયારછું, આવેલા કચેરીના સઘળા લોકો એક ચીત્તથી સાંભળવાને આતુર થઇ રહ્યા હતા.

રમુજ ૧૪ મો.

હોંશીઆરી.

રાજુડો કહે છે કેમ મારા શાલકડા તું શું બોલે છે;

તેને ફોકુળશાએ કહ્યું કે અરે ઓશીગડા વિનાના નાના પશુ કોને કહે છે, અને તેને રાજુડો કહે છે હા તને; ચંદ્ર અને લંકાના માનસરોવર વચ્ચે કેટલું અંતર છે, ત્યારે ફોકુળશાએ કહ્યું ઓહો! શો મોટો પશ્ન અકકલ અને તારા મગજ વચ્ચે જેટલું છેટું છે તેટલું? તેને રાજુડે જવાબ દીધો, કાળી બકરી સફેદ બકરા કેમ જણતી હશે? તેને ફોકુળશા કહે છે બાદશાહના લીલા ચાબુકથી. તારી પીઠ ઉપર રાતા છોલ કેમ પડે છે. તેને રાજુડો કહે છે વિશનુ લોકોની સંખ્યા વધારે કે શ્રાવકની. તેને ફોકુળશા કહે છે જુની સંખ્યા વધારે તારા માથામાં છે કે પાટલુનમાં; તેને રાજુડો કહે છે ગામડીઓ અને કુતરો એ બંનેનાં માબાપ એક કહેવાય? તેને ફોકુળશા કહે છે બળદ અને પાડો એકજ ગમાણમાંથી ખાય છે, તેને રાજુડે કહ્યું, કેમ તને ડાળીઆ કેટલા દહાડાથી ખાવાને મળ્યા નથી. ફોકુળશાએ કહયું, તારા પગનું તળીઉં ઢાંકવાને કેટલા દીવસથી ખાસડું મળ્યું, તેને રાજુડે કહયું, તું માનવી છે કે જાનવર? તેને ફોકુળશા કહે છે તારા કુટંબનું છીદ્ર ઉઘાડું કરાવવામાં લાભ નથી. તેને રાજુડો કહે છે તું તારા કુતરા વેડા કયારે છોડી દઇશ; તેને ફોકુળશાએ કહયું બાદશાહના રસોડામાંથી છાંડેલી તબાકો છાંટવાનું તું છોડી દઇશ, ત્યારે તેને રાજુડે કહયું, ઘુડ ભાગ્યેજ સારો સમાચાર આણનાર હોય છે? તેને ફોકુળશાએ કહયું, કાગડા અને ગરજ્યું હમેશાં મરી ગએલાં જનાવરને ખાય છે, તેને રાજુડો કહે છે હું આબરૂદારનો છોકરો છું.

તેને ફ઼ાફ઼ળશાએ કહ્યું કે તું તારાં આપના વખાણનું રણશીંગું ફુંકીશ નહીં કેમકે પતરાજીખોર આદમી ધિક્કારવા યોગ્ય જણાય છે. તેને રાજુડે કહ્યું કે ગામડાના જેવો બીજો એક માણસ ખરાબ નહીં. તેને. ફ઼ાફ઼ળશાએ કહ્યું કે સવાલીઓ એ વિચિત્ર ભુત જેવો છે. તેને રાજુડો કહે છે, ગામડીઓ હરામખોર જાણવો? તેને ફ઼ાફ઼ળશા કહે છે કલંગી વગરનો કુકડો નહીં અને ખુશામત વગરનો ધાંયજો નહીં. તેને રાજુડો કહે છે, દંતા મુખ ફાડીને દાંત દેખાડે છે? તેને ફ઼ાફ઼ળશાએ કહ્યું કે તેઓ દિવાનાને હશે; તેને રાજુડો કહે છે તારા હાથના મોજાને તો થીગડીઓ દોધેલી છે! તેને ફ઼ાફ઼ળશાએ કહ્યું, તારા જેવાને પુંઠે થીગડીઓ દીધી હોય તે કરતાં મોજાંને દીધી હોય તે સારી.

રમુજ ૧૫ મો.

બીજાને ઠગવા જતાં પોતે ઠગાયા.

ફ઼ાફ઼ળશા શેઠે છેલ્લીવારે જે ઉત્તર આપ્યો તે ઘટે તેવોજ હતો, કેમકે રાજુડો લોકોની સાથે લડાઇઓ કરતો અને વિનાકારણ તેમના કજીઆમાં વચ્ચે પડતો તેથી તેના બદન ઉપર માર પડેલો તેની નિશાનીનાં ચાઠાં અને લીસટા પાર વિનાના પડેલા હતા. ફ઼ાફ઼ળશાનું કેવું આવી રીતે તેને બરોબર લાગુ પડયું તેથી લજવાયો થઇને ઉભો હતો. તેજ ઠેકાણે સુઇ ગયો. કચેરીમાંના સર્વે લોકો આવો રમુજ જોઈને રહ રહ, હસી

પડયા તેથી રાજીુડાને લાગ્યું કે આ લોકોનાથી આવી રીતે ઠગાવા કરતાં તો જમીનમાં પેસી જવું એ બહુ શ્રેષ્ટ. વળી બાદશાહનું કહેવું સાચું થયું તેથી વિચાર કરવા લાગ્યો કે મારા તે શા ભોગ લાગ્યા હતા કે મેં આવા ચતુર સાથે બાકરી બાંધવાનો વિચાર ધાર્યો, જો મહારાજાને વધારે રમુજ તો હવે પછી પડી તે એકે ઘણું બોલવાથી ફોફળશાનું મોહોડું થુંકે ભરાઇ ગયું હતું તેથી જો નીચે થુંકેતો બાદશાહની કીમતી અને શોભીતી જાજમ બગડે અને જો મોઢામાં એકઠું થવા દેતો તેને તેની જીભાન બંધ રાખવી પડે તે એના જેવા માણસને તો મોટી જાગીર છીનાવી લીધા જેવું લાગે તેથી મોઢાનો ખુલાસો કેમ કરવો, એનો ઉપાય કાંઇ જણાતો નથી એવુ ડોળ બતાવીને બાદશાહને પુછયું કે હુ કઈ જગ્યાએ થુંકુ; બાદશાહે જવાબ દીધો કે પીકદાનીમાં થુંક ? આ ઉપરથી ફોફળશા પોતાના સામાવાળા પાસે ગયો અને તે ખુલ્લે મોઢે સુતો હતો ત્યાં જઈને તેના મોઢામાં થુંકયો. રાજીુડાનું અપમાન થવાથી તે છેક સરમીંદા થઈ ગયો હોય તેમાં વળી આ બન્યું એટલે દેવતામાં દારૂ નાખે તેમ થયું, માટે ખુબ બુમ પાડીને બાદશાહને ફરીયાદ કરવા લાગ્યો કે તમારી કચેરીમાં આ ગામડીઆ આવાં ઠગાઇનાં કામ કરે છે તો પછી બોલવાનુંજ શું રહ્યું; આ ઉપરથી ફોફળશા બોલી ઉઠયો કે કેમ બાદશાહ સાહિબ, પીકદાનીમાં થુંકવાની તમે મને રજા આપી કે નહીં. ત્યારે આ મોટા ગબારા જેવું બાકું જોઇ તેમાં હુ થુંકયો, જુઆેને પીકદાનીના જેવું પહોળું મોડું

છે, ત્યારે તેમાં થુકયો, તેમાં શું મેં ગુનો કર્યો ? હું તો ધારતો નથી. સર્વ કચેરીના અમીરો ફેકુળશાની તરફમાં થઇ ગયાં અને રાજીડો થુથુ કરતો ગાભરો થઈને ગુપચુપ બેશી રહ્યો, તેથી તે બીજીવાર કેવો ઠગાયો છે; એવું જાણીને સઘળા ગડગડાટ હસવા લાગ્યા, કાલે સવારે કચેરીમાં નાગાં આવવું નહીં તેમજ લુંગડાં પહેરવાં નહીં.

રમુજ ૧૬ મો.

વિચિત્ર માળી.

બાદશાહની ઇચ્છા મુજબ કરવા સારૂં બીજે દીવસે ફેકુળશા શેઠ ફૂલની ઝાળી ગુંથેલી આખા શરીર ઉપર પહેરીને નીત્યના કરતાં જરા વેહેલો કચેરીમાં ગયો, તેનો નાગો દેખાવ જોઇને બાદશાહને ઘણું આશ્ચર્ય લાગ્યું અને ક્રોધાયમાન થઇને બોલ્યો ? આતે શું મારી કચેરીની અંદર તું આવો બેસરમી બની કેમ આવ્યો છે, એ મોટું બેઅદબીનું કામ કીધું છે. ફેકુળશા જરા મોં ઠેકાણે રાખીને બોલ્યો; એમ કેમ સાહેબ, કાલે તમે મને કહ્યું હતું કે નાગા આવવું નહીં તેમજ લુગડાં પેહેરીને આવવું નહીં. તેને બાદશાહ કહે છે હા, કીધું હતું ખરૂં ! તેને ફેકુળશાએ કહ્યું કે એજતો હું માળીની પેઠ ફુલની ઝાળીમાં વીંટાઇને આવ્યોછું તેમાં મારા બદનનો કેટલોક ભાગ ઢંકાયો છે. કેટલોક આ સઘળાઓની આંખે ખુટલો માલમ પડે છે. કહો બાદશાહ સાહેબ, હું તમારી ઇચ્છા પ્રમાણે આવ્યો કે નહીં.

તેને બાદશાહે કહ્યું (મનમાં) આના જેવો ચતુરતો મેં કોઇ દીઠો નથી. મેં કહ્યું હતું તે એવી મતલબથી કે એમતો કોઇ માણસથી બની શકે એવું નથી, તેથી કરીને એ સરમાશે અને બીશે પણ આતો કોઇ વિચિત્ર માણસ છે. (ફોફળશાને) કેમ ફોફળશા આટલી વખત સુધી તું કયાં હતો. તેને ફોફળશાએ કહ્યું જ્યાં હું હતો ત્યાં હું હાલ નથી. અને જે ઠેકાણે હું છું તે ઠેકાણે બીજું કોઇ હોનાર નથી. તેને બાદશાહે ઉત્તર આપ્યો કે હાલતો તું જા અને આગળની પેઠે લુગડાં વિગેરે પહેરીને આવ? તે ગયો અને વહેલો વહેલો લુગડાં પહેરીને ઉતાવળો પાછો કચેરીમાં આવ્યો. તેને બાદશાહે કહ્યું તારાં માબાપ, કાકા ભાઇ, ફોઇ, બેન, શું કરે છે? તેને ફોફળશા કહે છે મારો બાપ એના સપાટામાં જે આવેછે તેને પુરો કરે છે, મારો ભાઇ એકના બે કરવા ગયો છે, અને મારી માએ ગયા વરસમાં તેણે જે સુખ ભોગવેલું તેનો પસ્તાવો કરે છે; મારી બેને મારા એક ભાઇબંધની ચાકરી એવી કરીછે કે તેવી ફરીને તે કરી શકતી નથી. તેને બાદશાહે કહ્યું તારૂં આવું મર્મનું બોલવું મારા જાણવામાં આવતું નથી તે મને સમજાવ? તેને ફોફળશાએ ઉત્તર આપ્યો કે એનો અર્થ તમે ધ્યાન રાખીને સાંભળો. મારા ભાઇએ કાંટાનો ભોર રસ્તા વચ્ચે નાખ્યો છે તેથી પગે ચાલનારાઓને કાંટા વાગે નહીં એટલા સારૂ બીજી બાજુએ રસ્તો કરવા ગયો છે, અને મારા બાપ તડકે બેસે છે અને તેનાં લુગડામાંથી જેટલી લીખો તથા જુઓ જડે છે તે બેઠા બેઠા માર્યા કરે છે; અને મારી

માએ ગયા વરસમા પુરૂષનું સુખ ભોગવેલું તેના મહીના રહ્યા છે તેથી જણવાની આફતમાં આવી પડી છે. મારી બેને મારા ભાઇબંધની આંખ દુખવા આવેલી તે સાજી કરવાંને સારૂં તેણે એટલી બધી રખ્યા નાખી છે કે તે હમેશાંને માટે તેની આંખો બંધ થઈ ગઇ છે, તેથી તે ઉદાશ છે કે આવી મેહેરબાની ભરેલી બરદાશ બીજી વખત કરવાને બાકી રહ્યું નથી તેથી ઉદાશ છે. તેને બાદશાહે કહ્યું બહુ સારૂં હું સમજયો, તને હું સવાલ પુછું તેનો ઉત્તર દે; આખા વરસમાં લાંબો દિવસ કયો? તેને ફોફળશાએ કહયું, લાંધવું પડે તે. તેને બાદશાહ કહેછે માણસની વિશેશ મુર્ખાઇ કઇ? તેને ફોફળશાએ કહયું, આપ ડાહ્યો તે. તેને બાદશાહ કહે છે કે દાઢીના કરતાં માથાના વાળ પહેલાં કેમ આવે છે? તેને ફોફળશાએ કહયું, કેમકે તે જન્મ સાથે ઉગેલા હોય છે. તેને બાદશાએ કહયું, પોતાની માતાના શરીરને ગાળીને પોતાનું શરીર બનાવનાર છોકરો કયો? તેને ફોફળશા કહે છે તેતો સાબુબ ઉનનો તાર. તેને બાદશાહે કહયું આંધળો સખસ ઓળખી શકે એવી ઐાષધી કઈ? તેને ફોફળશાએ જવાબ દીધો કે ખાજવણી. તેને બાદશાહે કહયું, પોતાના પગ નહીં ભીંજવતાં રાત્રી દિવસ જળમાં નાચનારી સ્ત્રી કઇ? તેને ફોફળશાએ જવાબ આપ્યો કે હોડી અથવા આગબોટ. તેને બાદશાહે કહયું, પોતાની હોંશાથી કેદમાં જાય છે તે કોણ? તેને ફોફળશાએ ઉત્તર આપ્યો, ઉંદર. તેને બાદશાહે કહયું, આખી જગતમાં લાજહીણ કોણ? તેને ફોફળશા

કહેછે વાયુ, કેમકે તે પુરૂષના પોતીઆમાં પેશી અંદર પ્રવેશ કરેછે. તેને બાદશાહ કહેછે પોતાના ઘરમાં કોને પેસવા દેવાને લોકો ખુશી નહીં? તેને ફ્રેફ્રુળશા કહે છે દરીદ્રને. તેને બાદશાહે કહયુ કે પોસરી વસ્તુના પગ કાપનાર કોણ? તેને ફ્રેફ્રુળશાએ કહયુ કે શતરંજ. તેને બાદશાહ કહે છે ખુબ ખાધેલી ચીજ કઇ? તેને ફ્રેફ્રુળશાએ કહયું કે અશરફી ઢાળવાની લાકડાની કથરોટ. તેને બાદશાહે કહયુ કે તને કેટલાં વરસ થયાં? તેને ફ્રેફ્રુળશાએ કહયું કે જે પોતાનાં વરસ ગણે છે તે મોતની સાથે હિસાબ ચુકાવી દેછે. તેને બાદશાહે કહયું, ઉજળામાં ઉજળી વસ્તુ કઇ? તેને ફ્રેફ્રુળશા કહે છે દિવસ. તેને બાદશાહે કહયું દહી કરતાં પણ વધારે કેમ હોય? તેને ફ્રેફ્રુળશાએ કહ્યું દહી અને મેદા કરતાં વધારે. તેને બાદશાહ કહે છે જો એ વિશેની તું ખાતરી નહીં કરી આપે તો તારી વાત છે? તેને ફ્રેફ્રુળશા કહે છે સારૂં સાહેબ, (એમ કહી જાય છે) તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે અરે આ બેવકુફ બાદશાહ કેવો નબળો ઈન્સાફ કરે છે એ કેવું શરમ ભરેલું છે.

રમુજ ૧૭ મો.

દિવસ વિરૂદ્ધ દહી.

ઘડીવાર રહીને કોઇને માલુમ ન પડે એમ ફ્રેફ્રુળશા બાદશાહના દિવાનખાનામાં પાછલે બારણે થઇને પેઠો, અ-

ને પોતાની સાથે રકાબીમાં દહી ભરીને લઇ ગયો હતો, તે બાદશાહના દિવાનખાનામાં જઇને તેને અંદર આવવાના બારણા આગળ રસ્તામાં મુકી બાકીની બારી સર્વ બંધ કરીને પોતે પલંગની નીચે ભરાઇ ગયો, બાર વાગ્યાની વખતે નીત્યના રિવાજ પ્રમાણે બાદશાહ પોતાના દિવાનખાનામાં આરામ લેવાને ચાલ્યો અને ઉમરો ઓળંગીને પગ નીચે મુકે છે એટલામાં પેલા દહીની રકાબીને ઠોકર વાગવાથી ભાગી ગઇ. એટલે બાદશાહ બારી ઉઘાડીને જુએ છે તો આખી જગ્યા દહી દહી થઈ ગએલી તથા જાજમ બગડી ગએલી નજરે પડી, તેથી ઘણું આશ્ચર્ય લાગ્યું; અને ક્રોધના આવેશમાં આવીને બોલી ઉઠયો, "મારા શરીરને દુઃખ થાય એવું કામ કોણે કર્યું." બાદશાહ ફેફુળશાનો અવાજ ઓળખી શકે નહીં એવા ઝીણે સ્વરે તેણે જવાબ દીધો, એતો મેં કરયું મેં; બાદશાહ ગભરાઇને બોલ્યો, તું કોણ છે અને કયાં છે, ડાકણ વિશેની વાતો મારા સાંભળવામાં આવી છે તે માંહેલી ડાકણતો નહીં, આતો ફેફુળશાએ કાંઇ જવાબ આપ્યો નહીં તેથી બાદશાહને બીક લાગવા માંડી; અને ઘણી તજવીજ કરી તો કાંઇ દેખાયું નહીં. દિવાનખાનામાં ડાકણ ભરાઇછે એવું ધારીને બાદશાહ ત્યાંથી ઝટપટ નીકળી ગયો, અને પોતાની સાથે કેટલાક સીપાઇઓને લઇને ખાતરી કરવા સારૂં પાછો દિવાનખાનામાં આવ્યો, આ વખતે ફેફુળશા જયાં ભરાયો હતો ત્યાંથી નીકળી સન્મુખ આવીને ઉભો રહ્યો. બાદશાહને હાડોહાડ લાગી ગઇ હતી તેથી તેની પુજા ક-

રવાની તૈયારીમાં હતો. એટલામાં ફેફૂળશા બોલ્યો કે બાદશાહ સાહેબ તમારે ગુસ્સે થવાનું કાંઈ કારણ નથી, દિવસ ઉજળો છે કે ન્હીં; એ વિષેની ચોકસી કરી આપવાનું મને કહયું હતું તે પ્રમાણે મેં તો સિદ્ધ કરી આપ્યું. પછી તમારા મનમાં અંદેશો હોયતો તમે જાણો, કેમ હવે નિશ્ચે થયું કે દીવસના જેવું ઉજળું બીજું કાંઇ નથી ? જો દહી ઉજળું હોયતો તેના અજવાળાથી વગર કારણે તમે આવી શોભાયમાન રકાબીના ચૂરેચૂરા કરી નાખ્યા તે કેમ કરી નાખત. બાદશાહનો ક્રોધ જરા ઠંડો પડયો તેથી બોલ્યો કે હા ખરીવાત, હવે મારી પક્કી ખાતરી થઈ. વળી કાલે સવારે બીજી કોણ જાણે કંઇએ બાબતની ખાતરી કરી આપશે, કદાપી પથ્થરમાંથી લોહી નીકળે છે એવું નક્કી કરી આપે. અરે પેલું કોણ આવે છે, મને લાગેછે કે બીરબલની પાસેથી કાગળ લઇને આવે છે, ચાલ આવવાદે; એ કાગળની મતલબ જાણવાને હું આતુરછું. તેને ફેફૂળશા કહેછે ઘણું સારૂં આ ખરયો ? ઇશ્વર કરેને મારાં સંબંધી કાંઇ ઠરાવ હોય, હમેશાંની રીતી પ્રમાણે સલામ કરીને સિપાઇએ બાદશાહને કાગળ આપ્યો અને બોલ્યો કે બીરબલ સાહેબે સરકારને એવી વિનતી કરી છે કે બાદશાહ સાહેબ મહેરબાની કરીને એ કાગળ ઉપર ઉતાવળથી લક્ષ આપવું. કેમકે એમાં ઘણી જરૂરની બાબત છે; આ પ્રમાણે કહીને તે ચાલ્યો ગયો.

રમુજ ૧૮ મો.

વણીકની ફરીયાદી.

બીરબલે હમણાં જે કાગળ મોકલ્યો હતો તે કચેરીના મોટામોટા અમલદારોએ વણીકો તથા બીજી રૈયતો તરફથી ફરીયાદી હતી. તે મતલબ બાદશાહે ફોકળશાને કહી સંભળાવી કે વણીકો રાજ્ય કારભારમાં હાથ ઘાલવાની ધારણાથી લખે છે કે રાજ ચલાવવાના તથા ન્યાય કરવાના તીંવા શિક્ષા કરવાની અમલદારોની જગ્યો મુસલમાનોને આપોછો તેમ અમને કેમ આપતા નથી. આ તકરારના પુરાવામાં તેઓ લખેછે કે ઘણા હીંદુઓ મોટા દેશનાં રાજ્ય ઘણી બાહાદુરીથી ચલાવવામાં મુસલમાનોના કરતાં ઓછી હોંશીઆરી બતાવી નથી. તેઓએ મોટી લડાઇઓમાં જીત મેળવી છે, અને ઘણી બાહાદુરીથી પોતાના દેશનું રક્ષણ કરેલું છે. અમો હીંદુ જાતને સારી સારી જગ્યો અપાવો, અને અમે અમારાથી બને તે રીતે રાજકારભારની છાની મસલતો મુસલમાનોના કરતાં છાની રાખીશું. આવું છતાં મુસલમાનો રાજ કારભાર કરે અને અમને તેમાં હાથ ઘાલવા દે નહીં. બીરબલની ફરીયાદીની નીચે ભલામણનો કાગળ છે. આ વાત ઘણી અગત્યની છે માટે મારે પસંદ પડતું ધ્યાન એ ઉપર આપવું જોઇએ, તે પછી વણીકોને દરબારમાં બોલાવીને સવારે જવાબ આપીશું, ફોકળશાએ વણીકનો શત્રુ આ ફરીયાદીની ધારણા જાણવા ઉપરથી તીંવા બાદશાહનો સવાલ આપવાનો અભીપ્રાય

જોઈને એટલો બધો હસ્યો કે કાંઈ બાકીજ નહીં. તેને બાદશાહ કહે છે (ખુબચીડાઇને) અરે બેવકુફ ગધેડાના સરદાર આટલું બધું હસવું તને શા ઉપરથી આવ્યું? તેને ફોફળશાએ કહ્યું અરે બાદશાહ આવા અવસરે જો કોઇ હસુ કાઢે નહીં તો તેના ડાચામાંથી તેના બત્રીશે દાંત તોડી નાંખવા જોઇએ. તેને બાદશાહે કહ્યું શા વાસ્તે? તેને ફોફળશાએ કહ્યું, એટલા વાસ્તે કે આ વણીકો તમને બાદશાહ ગણતા નથી તે બેવકુફ પ્રમાણે ગણે છે. અને એજ ઉપરથી આવી બેવકુફાઇ ભરેલી ફરીયાદી કરી છે. તેને બાદશાહ કહે છે, માગવું અને દેવું એ બેતો નિષ્ફળ છે? તેને ફોફળશાએ કહ્યું, ગાંડેથી પકડાય તે ઘોડો શા કામનો. તેને બાદશાહ કહે છે તું સંભાળીને એમ બોલ કે મારા મનમાં ઉતરે; તેને ફોફળશાએ કહ્યુંકે જે ઘરમાં બીલાડા કરતાં બલાડીનો અવાજ મોટો તે ઘર કશા કામનું નહી. તેને બાદશાહ કહે છે અરે પાછો વળી મનમાં બોલે છે કે બોલને પાંસરો કે સંભળાય તો ખરૂં? તેને ફોફળશાએ કહ્યું સમજુને ઇશારત અને બેવકુફને ટોકણી. તેને બાદશાહ કહે છે બોલ બોલ, હવે બધો ભેદ કહી નાંખ, તેને ફોફળશાએ કહ્યું જેને પોતાનું ઘર સારૂં રાખવાનો મનસુબો હશે તેણે કાંઇ જનાવર પાળવાં નહી, તેને બાદશાહે કહ્યું, જે વિશે કજીઆ છે તે વિશે કેમ બોલતો નથી, અને અમસ્તો બોલ બોલ કર્યા કરે છે; બોલ ખુલાસો કર કેમકે મારે તાકીદથી કામ છે. તેને ફોફળશા કહેછે એ વાત તો ખરી સાહેબ, નહીં સંભળાતું હોય તેમાં અને

સમજવાની મરજી ના હોય એમાં ઘણો ફેરછે, તેને બાદશાહે કહ્યું કે ભુંડ ધુરકે બીજી આશા, તેને ફેફળશા કહે છે ત્યારે વારૂ તમે મારી પાસેથી આશા રાખોછો. તેને બાદશાહે કહ્યું કે આ ફરિયાદીની બાબતમાં તારી આજ્ઞાની આશા રાખું છું; તેને ફેફળશા કહેછે અરેરે; લાંઘણની પાસેથી રોટલાની આશા રાખે છે. તેને બાદશાહે કહ્યું કે હું જાણુંછું કે તું ડાહ્યો માણસ છે અને આવી યુક્તિઓ શોધી કાઢતાં તને બહુ આવડે છે, માટે આ વિશેનો નિવેડો તારી પાસેથીજ કરાવવાને ઇચ્છુછું, કેમકે આ બાબતમાં મારે શું કરવું તેનું મને કાંઇ માલુમ પડતું નથી. જો હું વણીકોની ફરિયાદી કબુલ રાખુંતો બધું ધુળ મળી જાય અને નામંજુર રાખુંતો તેઓને ગુસ્સે થવાનું કારણ મળી આવે છે તેથી વેર લેવા ધારેતો બની શકે એમ છે. કારણ કે કેટલાક વણીકો યા બીજા હીંદુઓ, રજપુતોના દિવાન કીંવા કારભારીઓ યા બીજા અમલદારો છે તેમ રજપુત રાજાઓ તેના મતને મળતા છે, તેથી તે લોકો ફોજ લઇ મારી ઉપર પડે. તેને ફેફળશા કહેછે, ત્યારે એ વાતતો મનેજ સોપો, હું એની ગુંચવણ સારી રીતે ઉકેલીશ ને તમને ઇજા નહી આવવા દઉં, તેને બાદશાહે કહ્યું બહુ સારૂં, તારી હોશીઆરી, શક્ત અને હિકમતે કરીને મારી કચેરીમાં તારા ઉપર જે આયફતો આવી પડી હતી તે સર્વમાંથી અણી શુધ્ધ નીકળ્યો તે ઉપરથીજ મારી ખાતરી થાય છે કે મને આ કામમાં તું સારી મદદ કરી સકીશ.

રમુજ ૧૯ મો.

ગુપ્ત કંડીઓ.

થોડીવાર વિચારમાંને વિચારમાં આમતેમ ફર્યા પછી ફેફુળશા રાજમેહેલમાંથી બજારમાં ગયો. તેણે નાનું પક્ષી ખરીદ કર્યું, વળી ફીસનો ગુથેલો કંડીઓ લીધો, અને બાદશાહ પાસે ગયો તેના દેખતાં પક્ષી કંડીઆમાં ઘાલી કહેવા લાગ્યો કે આ કંડીઓ બીરબલ પાસે મોકલાવો અને તેને કહેવરાવજો કે કંડીઓ ઉઘાડશો નહીં. બીજે દિવસે ફરીયાદીનો જવાબ આપવાનો છે તે વખતે બાદશાહની હજુરમાં ઉઘાડવામાં આવશે. બાદશાહે ઉપર મુજબ સંદેશા સાથે બીરબલ પાસે કંડીઓ મોકલ્યો તેવોજ બીરબલે વણીકને કંડીઓ આપી કહ્યું કે કાલે તમારો કેશ ચાલવાનો છે તે વખતે બાદશાહની કચેરીમાં આ કંડીઓ લાવજો; તે ઉઘાડી તમારો ન્યાય કરશે. વણીકો એકઠા થઇ કબલાકુટ કરતા હતા તેના હાથમાં કંડીઓ આવ્યો તે જોવાને અધીરા થએલા ગાંડીઆઓએ અવિચારથી ઢાંકણું ઉઘાડયું તેવુંજ વિચિત્ર પક્ષી ઉડી ગયું. તે હાંફલા ફાંફલા થઇ આમતેમ જોવા લાગ્યા અને એક બીજાને કહેવા લાગ્યા કે મારા સાળા માંગોડના તારો બાપ, તારો બાપ પુછશે તેનો ઉત્તર શું આપીશ. તેલ પીણીના, ગોળખાણીના, ઠીકરી પારેખ, તારી માના ધમલા ચાકરડી કયાં મુઇ, કાલે કાકો આગરો તેને શું ઓઓરાં આપશે; એમ એક બીજા રાતના ચાર પહોર લડી થાક્યા. એટલે વહાણું વાયે બાદશાહનો સિ-

પાઇ બીરબલને બોલાવવા આવ્યો કે બીરબલ સાહેબ આપ ફરીયાદીને લઇ કચેરીમાં વહેલા પધારો. એટલે બીરબલ વણીકને લઇ બાદશાહની કચેરીમાં ગયા. અને અદબથી સલામ કરી બાદશાહને કહ્યું કે સાહેબ, ફરિયાદી, વણીકો કંડીઆ સાથે આવ્યા છે; તેને બાદશાહે કહ્યું કે તેનો ખુલાસો આ કંડીઆમાં છે એમ કહી ઉઘાડવા જાય છે એટલામાં વણીક બોલી ઉઠયા, તમે ઉઘાડવાની મહેનત લેશો નહીં. પંખીતો કંડીઆમાંથી જતું રહ્યું છે; કેમકે અંદર શું રકમ છે તે જાણવાની અમને આતુર થઈ ઢાંકણું ઉઘાડયું એટલે પક્ષી જતું રહ્યું, એમાં અમારો દોષ નથી. પછી બાદશાહે ગુસ્સે થઇને કહ્યું કે તમો અહીંથી મને મો દેખાડયા વિના જાઓ, લાચાર બીજા વણીકો આશાભંગ. થઇ કચેરી છોડીને જતા રહ્યા.

રમુજ ૨૦ મો.

મનુષ્ય સરવે સરખાં.

ફેફુળશાની ચાતુર્યથી બાદશાહનું મન ઘણું આનંદ પામ્યું તેથી તેને જે ખુશી થઇ તે વણીકોના અફસોસ કરતાં કાંઈ ઓછી નહોતી. વણીકો ગયા કે તુરત ફેફુળશાને પોતાની પાસે બેસાડીને બાદશાહ ખુશી થઇ કહેવા લાગ્યો. તેને બાદશાહે કહ્યું આ તારી ચાતુર્યતો ઘણાજ મોટા પ્રકારની એ કરતાં કોઈ બીજાથી આપણું કામ સિદ્ધ થાત નહીં; તેને ફેફુળશા કહે છે શેરને સવાશેર મળે નહીં ત્યાં

સુધી બધું પાંશરે પાંશરૂ સમજવું; તેને બાદશાહે કહયું કે એમ કેમ બોલે છે? તેને ફોફુળશા કહે છે, કેમકે સ્ત્રી ચાહે ત્યાં રસ્તો કરી શકે. તેને ફોફુળશાએ કહયું કે અગ્નિમાં હાથ ઘાલે તે દાઝે નહીં? તેને ફોફુળશા કહે છે, સુરજને ધુળ છાંટે તો પોતાની આંખમાં પડે. તેને બાદશાહે કહયું કે કચરામાં પથર નાંખેતો પોતાને છાંટા ઉડે; તેને ફોફુળશાએ કહયું, સીદીને સાબુ ચોપડે તો સાબુ ફોગટ જાય. તેને બાદશાહ કહે છે એ શુ તુ મારા ઉપર કહે છે? તેને ફોફુળશાએ કહયું, એમાં શુ સંદેહ. હું તમારા વિષે બોલું છું, બીજા કોઈ વિષે નહીં. તેને બાદશાહ કહે છે મારા વિષે બોલવાનું તારે શુ કારણ? તેને ફોફુળશાએ કહયું, ત્યારે મારે તમારા વિષે સારૂં બોલવાનું શું કારણ છે. તેને બાદશાહ કહે છે મેં તારૂં શુ ભુંડું કર્યું છે ને શી બાબતમાં તારૂ મન દુભાવ્યું છે, તેને ફોફુળશાએ જવાબ આપ્યો કે એવા મોટા અગત્યના કામમાં મેં તમને મદદ કરી તેનો બદલો આપવાને બદલે ઉલટી તમે મારી મજાક કરોછો નહીં વારૂં, તેને બાદશાહ કહે છે ત્યારે શું તું એમ ધારે છે કે તારી મહેનતનો બદલો વાળુ નહીં એવો હું છું તેને ફોફુળશા કહે છે બદલો વાળવાનું તો સહેલ છે યા ઈનામ આપવાનું મુશ્કેલછે. તેને બાદશાહે કહયું કે એ વિશેની તારે કશી ચીંતા કરવી નહીં. હું એ કામનો બદલો એવી રીતે વાળીશકે; મારી કચેરીમાં ઉંચી પદવાવાળા બરોબર તને કરી મુકીશ. તેને ફોફુળશા કહેછે ગુનેગારને કાંઇ મારવામાં આવેછે તેને બરોબર કરી મુકયો એમ કહેવાય;

તેને બાદશાહે કહ્યું, તું દરરોજ સીધાનો આડો અર્થ કરે છે? તેને ફેકફળશા કહેછે આપણે જેવા નરસું કરનાર અને ધારનાર હોઈએ તેવાજ બીજાને ધારીએ. તેને બાદશાહે કહ્યું, તું નરસુંજ કરનારછે એટલુંજ નહીં તો મારી સાથે તું ભુંડી રીતે ચાલેછે? તેને ફેકફળશા કહેછે, કઇ બાબત વિષે તેને બાદશાહે કહ્યું કે મારી મોટી પદ્વીને યોગ્ય રીતે માન આપતો નથી. તે ઉપરથીજ તું કોઇ હલકા કુળનો છે એવી મારી ખાતરી થાયછે; તેને ફેકફળશા કહેછે, મારા હલકા કે નઠારા કુળની સાથે તમારે શું કામ છે. તેને બાદશાહે કહયું, એટલાજ માટે કે તું એક હલકા ગામડીઆ કરતાં પણ હલકો છે. એવું બતાવી આપે છે? તેને ફેકફળશા કહેછે એમ સાથી. તેને બાદશાહે કહયું, સાથી કે તું મારી કચેરીમાં પાઘડી ઉતાર્યા વિના આવેછે અને સલામ સરખી કરતો નથી. તેને ફેકફળશા કહેછે (હસેછે) ફહ, ફહ, ફહ, ત્યારે શું તમારી મરજી એવી છે કે એક માણસે બીજા માણસને સલામ કરવી. તેને બાદશાહે કહયું કે હાજતો, વળી જે માણસની જેવી પદવી તેને તેવી રીતે સન્માન આપવું જોઇએ. તેને ફેકફળશા કહેછે નહીંનહીં હું કોઇને નમનાર નથી ગમે તે થાઓ. તેને બાદશાહે કહયું, ગમે તેમ હોય તોપણ તારે મારી મરજી અને હુકમને તાબેદાર થવું. અને મને સન્માન આપવું? તેને ફેકફળશાએ જવાબ આપ્યો કે આખી જગતનું રાજ્ય મને તાબે કરી આપો તો એવું કામ મારાથી થનાર નથી, તેમજ એવું સન્માન મારી પાસેથી તમને મળશે એવું

તમારે મનમાં આણવું નહીં. તેને બાદશાહે કહ્યું કેમ નહીં? તેને ફેફુળશા કહેછે કેમકે કોઇને વાસ્તે મારી ડાક ભાગનાર નથી. હું જ્યારે ચણા ખાઉંછું ત્યારે તેને ચાવતો નથી ને ભાગતોબી નથી તો આંખાને આખા ખાઇ જાઉંછું. તેને બાદશાહે કહ્યું ઠીકછે હવે શું થાયછે તે તને કાલે સવારમાં માલમ પડશે, યાદ રાખજે કે તારૂં હોંશીઆર પણું વેરાવી નાખી તને નમવાની જરૂર પાડીશ. તેને ફેફુળશા કહેછે કેટલાક માણસો કહેછે કે કોઇ વાત અસમર્થ નથી તો હું તે માનતો નથી. બાદશાહ તારી ખાતરી થવાને થોડીવારછે હાલ તો તું તારે ઘરે જા, અને કોનુ કહેવુ મંજુર થાયછે તે કાલે માલમ પડશે.

રમુજ ૨૧ મો.

જુલમથી સલામ કરાવવી.

ફેફુળશા કચેરી છોડીને ગયોકે તુરત અંદર પેસવાના દરવાજાનો ઉપરનો ભાગ છેક નીચે સુધી પાટીયાં જડાવીને બાદશાહે રોકી રાખ્યો તે એવી રીતે કે નીચે નમ્યા વિના અંદર અવાય નહીં. અકબર બાદશાહે વિચાર્યું કે આ હિકમતથી ફેફુળશાને અંદર આવતી વેળાએ તેની બહાદુરી કમી થશે તેથી પોતાની યુક્તિનો શો પરિણામ ઉતરશે તે જોવા સારૂં પોતે આવતી કાલની ઘણી આતુરતાથી રાહ જોવા લાગ્યો. બીજે દિવસે હમેશના નિયમ પ્રમાણે ફેફુળશા કચેરીમાં જવાને નિકળ્યો અને દરવાજાનો

અરધો ભાગ બંધ કરી લીધો હતો તે જોવા ઉપરથી તેનું કારણ તેના મનમાં એકદમ આવી ગયું તેથી બાદશાહની યુક્તિ તોડી પાડવાનો કયો રસ્તો પકડવો તે વિશે જરા વિચાર કર્યા પછી સામે મોઢે કચેરીમાં પેસવાને બદલે બાદશાહના ભણી પુઠ કરીને જવાનો ઠરાવ કર્યો અને પોતાના આંગડાનો પાછલો ભાગ ઊંચો લઇને જેટલું વાંકું વળવાની ફરજ પડી તે મુજબ નમીને અંદર પેઠો, તેથી તેને જુલમથી સલામ કરાવવાની યુક્તિ રચી હતી તેમાં બાદશાહ નિરાશ થયો અને તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. બાદશાહની ખાતરી થઇ કે ફોફુળશા ચપળ બુદ્ધિનો અને ચતુરાઇનો દરીઓ છે તો પણ પેટનો વિચાર પેટમાંને પેટમાં રાખીને તેની હાલની ચતુરાઇથી પોતાને ગુસ્સો ચડયો હોય એવા ડોળ ધારણ કરીને બોલ્યો અરેરે નાદાન ગામડીઆ આવા પુજ્ય અને રમણિય સ્થળમાં આવી રીતે પેસવાનું તને કોણે શીખવ્યું. ફોફુળશાએ હળવે રહીને જવાબ દાધો "શીળાએ" બાદશાહ પોતાનું હસવું છુપાવીને બોલ્યો કે શેળાએ તને શી રીતે શીખવ્યું. વાહ તેં ઘણીજ સારી યુક્તિ સોધી કહાડી, ફોફુળશા શેઠ બોલ્યા સાંભળો બાદશાહ મને એ વાત સાંભરે છે, જાણે કાલેજ એ વાત સાંભળવી, હોયતો કહી સંભળાવું એથી કરીને તમને ગમત થશે એટલુંજ નહીં તો આપણી તકરારને બરોબર લાગુ પડે એવીછે. રાજા બોલ્યો, ચાલવાદે ત્યારે હું સાંભળવાને આતુર છું.

રમુજ ૨૨ મો.

શીળો અને કાચબો.

ફેફ્ફુળશાએ કહ્યું કે અસલની વખતમાં જ્યારે જનાવરો બોલતાં હતાં તેમ જે બીજાં પશુઓ બોલતાં હતાં. એક વખત શીળોને કાચબો એક છાવણીમાં જઇ પેઠા તેમાં એવો બનાવ બન્યો કે પાછું નિકળવાની ફિકર થઈ એટલે શીળો બોલ્યો કે તું બાજુએ બાજુએ ચાલ અને હું પાછે પગે ચાલું એટલે દુશ્મનના ફાંસામાંથી સલામત નીકળી જવાશે એમ કહી બંન્ને તે છાવણીમાંથી નીકળી પાછે પગે પોતાની ગુફામાં પહોંચ્યા; તેને એવી શિક્ષા મળી કે પાછા ફરીને કોઇ દિવસ છાવણીમાં ગયા નહીં. ને તેના મૃત્યુપત્રમાં લખી ગયા કે અમારા કુળમાંનો અમારા છેલ્લા ઠરાવ પ્રમાણે ચાલવું, આ રીતે હજુ સુધી શીળોને કાચબો તે પ્રમાણે ચાલે છે. જ્યારે કચેરીનું બારણું અડધું ભીડી લીધેલું દીઠું ત્યારે બીચારા શીળાની કેવી દુર્દશા થઇ હતી તે મને યાદ આવતાં પાછલે પગે (મારી પીઠ તમારા તરફ કરીને) પેસવાને સેહેલું જાણી માથાને મેહેનત આપવા કરતાં પીઠને આપવી તે સારી કેમ, આ રમુજ તમને કેવી સારી લાગી બાદશાહ સાહેબ. તેને બાદશાહે કહ્યું, પ્રીય મીત્ર ઘણી સારી વાતછે વળી પ્રસંગને લાગુ પડતી રમુજ કરજે.

રમુજ ૨૩ મો.

રોટલી અને ચારણી.

ફોફળશા સવારમાં ઉઠીને મારકીટમાંથી કેળુ તથા જામફળ વિગેરે મેવો લાવી તેને જુદી રોટલીમાં નાખી તેના ઉપર ઘી, માખણ, દહીં ચોપડી ચારણીમાં લઈ મોં આડી દઇ ખુશી થતો બાદશાહની કચેરીમાં ગયો. બાદશાહ તેને જોઇ ઘણો આશ્ચર્ય થયો એટલે ફોફળશા બોલ્યો, બાદશા સાહેબ સલામ તેનો આવો ડોળ જોઇને બાદશાહ ફહફહ હસી પડ્યો. તેને બાદશાહે કહ્યું (થોડીવાર સબુર કરીને) અરે ફોફળશા આ શું ? તું મારા મોં આગળ ચારણી કેમ રાખી રહ્યોછે. તેને ફોફળશા કહે છે મને એમ માલમ નહોતું કે આપની વિચાર શક્તિ આવી નઠારી હશે. આપના ધારવામાં કોઇ બીના આવે છે તેવીજ પાછી ભૂલાય છે, ગઈ કાલે આપે મને કહ્યું નહોતું કે અર્ધું મોં દેખાય ને અર્ધું ન દેખાય એવી રીતે મારી કચેરીમાં તારે આવવું. તેને બાદશાહે કહ્યું; (જરાવિચાર કરીને) હા એ વાતતો ખરી તો તું એમજ આવ્યો એ નિશ્ચે કેમ થાય. તેને ફોફળશા કહે છે એમ કેમ ? ચારણીમાંથી જો તમે વિચાર કરી જોશો તો મ્હારૂં મોં કાલે તમારા જોવામાં આવતું હતું એવુંજ દેખાય છે ને વિચાર કરી તમે જોશો તો નહીં માલમ પડે કેમ તમારી ઇચ્છા મુજબ ના થયું. તેને બાદશાહે કહ્યું, ખરે ફોફળશા શેઠ ? તુંતો અક્કલનો સાગર છે, મારા કહેવાથી એક વાતતો મળી તો વાડી તબેલો અને ઘંટી ક્યાં છે. તેને ફોફળશા કહે છે (રોટલી બતાવાને)

જુઓ એ બધું મારી પાસેની રોટલીમાં છે તે સાંભળો. કેળું જામફળ એ બાગમાં થાય છે કે નહીં માટે તે કચરીને રોટલીમાં નાખવામાં આવ્યાં છે તેથી બાગ આવી ગયો; તબેલામાં ગાય તથા ભેંસ બંધાય છે. તેમના દુધથી બનેલાં પંચામૃત માંખણ ઘી તથા દહી રોટલી ઉપરછે એટલે તબેલો આવી ગયો ને ઘંટીયે દળાએલા લોટની રોટલી છે એટલે ઘંટી આવી ગઇ. તેને બાદશાહે કહ્યું, તારા જેવો બુદ્ધિશાળી કોઈ પુરૂષ જોયો નથી. વહાલા ફોકુળશા આજથી આ બધી કચેરી તારી છે તું તારી ખુશીમાં આવે તેમ કર. ફોકુળશા બાદશાહને ઉપકાર માનીને અમીરો બેઠા હુતા ત્યાં જઇને બોલ્યો કે દીર્ઘ શંકાને માટે જે જગ્યા જોઇએ તે કરતાં આ મારે વધારે ઉપયોગની નથી. આવું સાંભળીને આ વેળાએ બાદશાનો એક સિપાઇ ફોકુળશાને ચાબુક ઉગામીને બોલ્યો કે, અરે જંગલી તારા જેવા બેવકુફને તો ધરમશાળાની જગ્યા ઉપર રાખવો જોઇએ. ચાલ નાદાન નીકળ અહીંથી બાદશાહની કચેરીમાં આવું વેણ કાઢતાં શરમાતો નથી તો તારાં પાંસળાં જુદાં કરવાં પડશે. તેને ફોકુળશા કહે છે જરા સબુર ખમ ભાઇ, જે વાતમાં તારો હક નહીં તે વાતમાં તારે હાથ ઘાલવાની શી અગત્ય છે, તને ખબર નથી. જે માંખો ગંદવાડની ઉપર બેસે છે તેજ માંખો બાદશાહના જમવાના થાળ ઉપર બેસે છે તે ખરાબ કરે છે, માટે ભાઇ હું આ જમીન દીર્ઘશંકાને માટે ધારૂં તો કાંઇ હરકત નહીં.

રમુજ ૨૪ મો.

માયાને બીક, કાયાને બીક નહીં.

ફેફુળશાને બોલવાનો ભેદ બાદશાહના સમજવામાં આવ્યો તેથી તેને જેવા લાખ રૂપિઆ દેવા (ખજાનચી સામી નજર કરી) ખજાનચીને કીધું. આ ફેફુળશાને સવાલાખ રૂપિઆની થેલી આપ. તેને ફેફુળશાએ કહ્યું, જો હું આપની આજ્ઞા માન્ય કરૂં નહીંતો આપ મારા ઉપર નાખુશ થશો નહીં, હું ખરૂં બોલનાર છું. તેથી મારા ઉપર ઘણા વેરી ઉભા થયા છે તો હું કોઇની ગરજ રાખતો નથી. કેમકે જેની પાસે કાંઇ નથી ને વળી કશાની આશા રાખતો નથી તેને કોઇ જાતની બીક નથી, માટે તમે મને જે ઇનામ આપવાનું કહોછો તે હું લેવાનો નથી, શાથી કે મારા સુખમાં દુઃખ ઉત્પન્ન કરવાનો નથી. તેને બાદશાહે કહ્યું, તારે કહેવાની ગરજ શી છે? તેને ફેફુળશા કહેછે તમારા સવાલાખ રૂપિઆ લઉંતો મારે તે સાચવવાની ગરજ થઇ પડે તેથી હું જે આરામ અને સુખ ભોગવું છું તે ખોઇ પરમેશ્વરે મને કોઇનો ઓશીઆળો કર્યો નથી, અને જીવતાં સુધી કોઇનો ઓશીઆળો થવાનો નથી; અને જો આપનું દ્રવ્ય લઉંતો સ્વતંત્રપણું ખોઉં. જે બીજાનો માલ લે છે તે તેનો તાબેદાર થાય છે. તેને બાદશાહે કહ્યું, ત્યારે મારી સભ્યતા શી રીતે બતાવી શકું; વળી જેમ જેમ સારાં કામ તું કરતો જાયછે તેમ તેમ તેના બદલામાં વધારો થતો જાય છે. તેને ફેફુળશા કહે છે મારા કામની મદદ

કરવામાં આવે છે એટલે મને બદલો મળી ચુક્યો એ હું સમજુ છું. બાદશાહે કહ્યું ના ના, મદદ કરવી એટલુંજ બસ નથી તો બદલો આપવો જોઇએ? તેને ફેફુળશા કહે છે તમારી મહેરબાની મારા ઉપર છે તે આખી દુનિઆનુ રાજ્ય આપ્યા બરોબર સમજું છું, તેને બાદશાહે કહયું, સારા નઠારાના ઉપર નીચે રહેવું નહીં; તેને ફેફુળશા કહેછે નઠારા તે જે ઘટીત હોય તે કરતાં વિશેશ તેણે લેવું નહીં. વળી મારા સાંભળવામાં આવ્યુ છે કે જો મોજને લાયક આપણે હોઇએ નહીં તો મોજ મળવાની હોય તો તે લેવા કરતાં માત્ર માથે ચડાવું એમાં શોભા છે.

રમુજ ૨૫ મો.

બીરબલનો બીજો સવાલ.

ઉપર મુજબ ફેફુળશા અને બાદશાહ વાતો કરે છે એટલામાં બીરબલ સાહેબનો સિપાઇ ચીઠી લઇ આવ્યો, તેથી વાતમાં ભંગાણ પડ્યું. ચીઠીમાં તેણે લખ્યું હતું કે આજ મારી તબીયત સારી માલમ પડતી નથી; માટે ફરીને ફેફુળશાને મારી પાસે મોકલજો, એની સાથ વાતચીત કરવાની મને ગમત મળશે. બીરબલનો ઇરાદો કેવો વિચિત્ર હતો, કે રાજકારભારના જોખમ ભરેલા અધિકાર વિશે વણીકોએ જે ફરીઆદ ઉઠાવી હતી તે ફેફુળશાના કર્ત્તવ્યથી ફોગટ ગઇ હતી; માટે તેને ભુપીતો કરવાનો ઇરાદો હતો અને બધા વણીકોને એના ઉપર એટલો બધો

ક્રોધ ઉપજ્યો હતો કે તેનું ચાલે તો તે મારી નાખે. ચીઠી વાંચ્યા પછી તેણે ફ્રાકૃળશાને કહ્યું કે બીરબલ તને ગમતને માટે બોલાવે છે. તેને ફ્રાકૃળશા કહે છે ઉંદરને પકડવાને વાસ્તે બીલાડી ઊંઘવાનો ડોળ કરે છે, તેને બાદશાહે કહ્યું એમ શા ઉપર કહે છે? તેને ફ્રાકૃળશા કહે છે કેમકે વણીકો સીંહની પેઠે વેર લેવાને ઉભા થયા છે. તેને બાદશાહે કહ્યું, જો તને વાંચતાં આવડતું હોય તો લે આ બીરબલની ચીઠી વાંચ? તેને ફ્રાકૃળશા કહે છે અનુભવ અને અભ્યાસ એ બે મોટાં પુસ્તક છે. તેને બાદશાહે કહ્યું, મોટા મનના વણીકને ઘણીવાર રીસ રહેતી નથી? તેને ફ્રાકૃળશા કહે છે ઓલાઈ ગયેલી અગ્નિની રાખ ઘણીવાર લગી ઉની રહે છે. તેને બાદશાહે કહ્યું તારી પાસે માગી લઉંછું કે તું મારી ઉપર કૃપા કરીને બીરબલ પાસે જા અને મનમાં કાંઇ બીક રાખીશ નહીં; તેને ફ્રાકૃળશા કહે છે, એકવાર છોકરૂં ઉના પાણીથી દાઝે તો ફરીથી ઠંડા પાણીથી ડરે. તેને બાદશાહે કહ્યું જ્યાં સુધી તું મારા મેહેલમાં છે ત્યાં સુધી તારે કશાથી ડરવું નહીં! તેને ફ્રાકૃળશાએ જવાબ આપ્યો કે પાંજરાના વાસી થવા કરતાં ઝાડીના વાસી થવું તે વધારે સારૂ છે. તેને બાદશાહે કહ્યું, હું તને કેટલીવાર આજીજી કરૂ હવે તો તારે જવું પડશે કેમકે ઘણા કાલાવાલા કર્યાથી મન ભાગી જાયછે? તેને ફ્રાકૃળશા કહે છે, ત્યારે બાદશાહ સાહેબ આપ કેમ કરી બતાવોને. તેને બાદશાહે કહ્યું, હું મોકલુંછું ત્યાં જતાં બીકણવેડા શા કામના? તેને ફ્રાકૃળશા કહે છે પેટાને કસાઇવાડે લઇ

જાય છે ત્યારે તે ગભરાઇને પીપળાનાં પાન જેમ કંપે છે. તેને બાદશાહે કહયું, સીંહના જેવું કાળજુ કરીને ચાલ્યો જા, તેને ફેફુળશા કહેછે જેનું કાળજું બકરાના જેવું હોય તે સીંહના જેવું કેમ થાય. તેને બાદશાહે કહયું, જા મારા ભાઇ તું બીએ છે શું કામ. હું ખાતરીથી કહુછું કે બીરબલને તારા વિષે કાંઇ કપટ ભાવ નથી. વણીકોને તે દહાડે બનાવ્યા તે ખબર જાણીને ઉલટો એતો ઘણો હસી પડયો? તેને ફેફુળશા કહે છે વણીકનું હસવું અને ગધેડાનું દડુક દડુક ચાલવું એ બન્ને ઉપર ભરોંસો રાખી શકાય નહીં. તેને બાદશાહે કહયું, હવે વધારે તાણખેંચ કરતાં, મેહેરબાની કરીને એકદમ જા કેમકે એ ખોટી વસ્તું છે. બાદશાહનો આવો આગ્રહ જોઇને ફેફુળશાએ એકવાર ફરીને બીરબલ પાસે જવાનો ઠરાવ કર્યો. તેને રસ્તા ઉપર ફાડી ખાનારા ચાર મોટા વાઘ બીરબલે દરવાજા આગળ મુક્યા હતા, તે વિશે ફેફુળશાના જાણવામાં આવ્યું હતું તોપણ હરેક યુક્તિથી જવું. એવો વિચાર કર્યો હતો.

રમુજ ૨૬ મો.

વાઘના ફાસામાંથી બચવુ.

બીરબલની પાસે જતાં તેણે ચૌટામાંથી બે ઘેટા વેચાતા લીધા તે લેઇ બીરબલના ઘર તરફ ચાલ્યો; એટલે વાઘને છોડી મુક્યા. તે તેની તરફ દોડ્યા એટલે ફેફુળશાએ તેની તરફ ઘેટા ફેંક્યાં એટલે વાઘે તેને ખાવા માંડ્યાં. એટલે ફેફુળશા

ઘરમાં જઇ પહોંચ્યો. બીરબલને તો ખાતરી હતી કે આ-
જે ફોકુળશા બચે એમ નથી; એટલામાં તેની પાસે જઇ
ઉભો રહ્યો, એટલે બીરબલ દાંત પીસીને પગ પછાડીને
બોલ્યો, તું ખરેખરો ભુત રૂપે આમ તેમ ફરીને કેમ આ-
વી ઉભો છે; એટલામાં ફોકુળશાએ જવાબ દીધો—આ
કરતાં બીજી સરસ જગ્યા કઇ સારી હસે. તેને બીરબલ
કહે છે વાઘના પંજામાંથી તું શી રીતે બચી ગયો? તેને
ફોકુળસા કહે છે પરમેશ્વરની મહેરબાનીથી. તેને બી-
રબલે કહ્યું, પાપી લોકોનું હમેશાં ફાવી જાય છે એમ ધા-
રવું નહીં; તેને ફોકુળશા કહેછે જે પોતાનું માંથું ફાંસામાં
ઘાલે તે લટકે. તેને બીરબલે કહ્યું, હવે તું ખરેખરો મારા
હાથમાં સપડાયો છે તેમાંથી બચી જવું ઘણું વિકટ છે?
તેને ફોકુળશા કહે છે જે માણસ દુઃખ પામવાને લાયક છે
તે દુઃખી થાય છે; તેને બીરબલે કહ્યું, એ વિશે અનુભવ
હમણાં થશે. તેને ફોકુળશા કહે છે સેંશ ભાગોળ ને ઘેર
ઝેડકા. તેને બીરબલે કહ્યું, ઉંદરને મોટા દોર કાપવા સ-
હેલ છે અને તારે બચવું કઠણ છે? તેને ફોકુળસા કહે છે
પરમેશ્વરની મરજી આગળ કોઇ અશક્ત નથી. તેને બીર-
બલે કહ્યું, શિયાળ ઘણું પહોંચેલું હોય છે તે ડાહ્યા મા-
ણસથી પકડાય છે, તેને ફોકુળશા કહેછે બત્રીસ ટકોરા વાગ્યા
સિવાય બત્રીસ લક્ષણા થવાતું નથી. તેને બીરબલે કહ્યું,
શું જે એવી રીતે બોલ હવે તારૂં કાંઈ ચાલનાર નથી!
તેને ફોકુળશા કહે છે દીપડું ખાડમાં પડયું ત્યારે શિયાળે
કહયું કે અહીં આવવું તારે લાયક નથી. તેને બીરબલે

કહ્યું, મેઘની ગર્જના પછવાડે તોફાન ધારી મુકવું? તેને ફેફુળશા કહે છે મોટી માછલી નાનીને ખાય. તેને બીરબલે કહ્યું, બીચારા ભાગ્યહીન શ્રાવકોની સામું તેં જે તરકટ મચાવ્યું છે તેનો પસ્તાવો કરવાનો સમય હવે પાછો આવ્યો છે. તેને ફેફુળશા કહે છે, સાપના માથામાં ઝેર હોયછે તે ક્રોધાયમાન શ્રાવકોના આખા શરીરમાં ઝેર છે. તેને બીરબલે કહ્યું, આ ફેરા તું છૂટે એમ મને લાગતું નથી, માટે બીજી દુનિઆમાં જવાને તૈયાર થઇ રહે જે; તેને ફેફુળશા કહે છે સાબરને એક વેગે આમાં પાણી પીવાનું ઠીક પડતું નથી. તો બીજામાં જાય છે અને જેમ ઉતાવળથી જાય છે તેમ તેની તરશ વહેલી છીપે છે તેમ મારા વિશે જે કરવાનું હોય તે વહેલું કરો કેમકે એક દીપડાએ એક ગામડીઆને કહ્યું, આપણે જન્મ સુધી એકઠાને એકઠા રહીશું તોપણ આપણી મિત્રાઈ થવાની નથી, તેમજ એકબીજાની સાથે હળીમળીને રહેનાર નથી.

રમુજ ૨૭ મો.

ફેફુળશાનું પેટીમાં સપડાવું.

કુડા કર્મનો કરનારો ફેફુળશા હવે મારા હાથમાં આવ્યો અને તે ઘણું કરીને શ્રાવકોનો મોટો દુશ્મન છે એવું ધારીને મનમાં વિચાર કરવા લાગ્યો કે ઘણા દિવસની દાઝ હવે ઓલવાશે. માટે પોતાની ઇચ્છા પાર પાડવાને સારૂં ફેફુળશાના હાથ પગ બંધાવ્યા અને પાસે એક મો-

રહી હતી તેમાં પુરી મુકવાનો હુકમ આપ્યો, એટલામાં તેના મનમાં આવ્યું કે કદાપી તે યુક્તિ શોધીને પોબારા ગણી જશે તો પંચાત પડશે તેથી તેને એક પેટીમાં ઘાલીને ઉપર તાળુ દઇ સિપાઇને ચોકી કરવા ઉભા રાખ્યા. બીજે દિવસે ફેફુળશાને દરીઆમાં નાંખી દેવાનો વિચાર ર્ક્યો અથવા તેમ બને નહીં તો ગમેતેમ તેનું વેર લેવાનું બીરબલે મનમાં ધારણ રાખી હતી તેથી મનુષ્યના વિચાર ફેરવફલે જાય છે. મરણ વિશેની બીક ફેફુળશાને કદી લાગી નહોતી અને પેટીની અંદર સપડાયો તેથી એને લાગ્યું કે હવે આપણુ બની આવ્યું છે. છેલ્લીવાર તેના મગજને તસ્દી આપીને કાંઈ યુક્તિ શોધી કહાડવાના વિચારમાં પડ્યો અને ખરે નીચે લખેલી ચમત્કારી યુક્તિથી જય પામ્યો.

રમુજ ૨૮ મો.

ફેફુળશા અને સિપાઇ.

અરે ઘાતકી ભાગ્ય તું ગરીબ બને તેમ દુઃખ દેવામાં માની લે છે, તેમજ દ્રવ્યવાનને પીડવામાં ખુશી માની લે છે એ ઘણું નવાઇ જેવું છે. અરે મારૂ અસ્ત શ્રીમંતપણું મને ઉલટુ પીડાકારક થઇ પડ્યું એ કરતાં તો મારે બાપે મારે માટે કાંઇ પૈસો મુકયો ના હોત તો ઠીક હતુ કે તેથી કરીને આવી મારી માઠી દસા થઇ હોત નહીં. મે મારૂં ગૃહસ્થપણું છુપાવવાને મેં ફાટ્યાં તુટ્યાં લુગડાં પહેરવો

હતો; આખરે તેતો જણાઇ આવ્યું કે આ લાલચુ ઠગ લોકો મારા પૈસા હરી લેવાને મારી સાથે પરણાવવાને ઘણી હોંશ બતાવે છે, માટે નઠારૂં કે સારૂં ગમેતે થાઓ તોપણ હું તેની સાથે કદી પરણનાર નથી. કેમકે હું આવો બેડોળ છું, તેથી તેનો પ્રેમ મારા ઉપર થનારો નથી. બીરબલ કદાપીને ઘણી તાણ કરશે તો ગમે તેવી હીકમત શોધી કહાડીશ. આવી રીતે ઘડીએ ઘડીએ પેટીમાંથી બોલી નીકળતો હતો તે ઉપર સિપાઈનુ ધ્યાન ગયું તેથી આશ્ચર્ય પામીને તેની સાથે વાતચિત કરવા લાગ્યો. તેને સિપાઇએ કહયું, તું આ જે બોલે છે તેની મતલબ શી ? તું શા માટે બોલબોલ કરે છે, તું કોણ છે તે મને કહે. અને આ પેટીમાં કેમ પુર્યો છે ? ગરીબ બાપડા! તેને ફેફુળશા કહે છે ભાઇ મારાં કમનસીબની વાત જાણવાને તારે કાંઈ કારણ નથી, મને મારા ઇશ્વરની ભક્તિ મારી મેળે કરવા દે; તું તારે કામે લાગ. તેને સિપાઇએ કહયું જો કે હું એક ગરીબ માણસ છું અને મારો મનુષ્યજાતી ઉપર મારો દયાભાવ છે તેથી તારી આવી હાલત જોઇ મને દયા ઉપજે છે, અને કદાપી એ સાચી વાત છે કે તેમાંથી તારો છુટકો કરવા મારાથી બની શકશે નહીં તોબી બે વચન કહીને તારૂં દુઃખ ઓછું થાય એમ કરીશ. તેને ફેફુળશા કહે છે તેઓએ મને દુઃખી કરવાને જે ધારેલું છે તે ઘણું ખરૂં પુરૂં કરી રહેવાને આવેલાં છે ત્યારે હવે તું અથવા તારા કરતાં કોઈ મોટા માણસ મને આવીને દીલાસો દેશે તેથી શું વળનાર છે. તેને સિપાઇએ કહયું, તેઓએ તને મારી નાખે

ખવાનો વિચાર કર્યો છે? તેને ફોકફળશા કહે છે અરે ભાઇ, એ કરતાં તો નરસું. તેને સિપાઇએ કહયું, ત્યાં તને શું દેશપાર કરવાના છે! તેને ફોકફળશા કહે છે એ કરતાં તો વધારે. તેને સિપાઇએ કહયું, શું શુળીએ દેનાર છે ? તેને ફોકફળશા કહે છે અરે એથી વધારે તેને સિપાઇએ કહયું, તારા શરીરની ચામડી ઉતરાવનાર છે? તેને ફોકફળશા કહે છે એથીતો હજાર ગણું ખોટું. તેને સિપાઇએ કહ્યું, ત્યારે તે તેઓ તને શું કરનાર છે ? તેને ફોકફળશા કહે છે, તેઓ મ......મ...મને, પપ...પરણા......વનાર છે. તેને સિપાઇએ કહ્યું, અરેરે એને તું કમનસીબ સમજે છે અને વળી શિક્ષા હુ તો સમજયો હતો કે તેઓ તને કાંઇ ભારે પીડા કરનાર હશે માટે તને પરણાવનાર છે. વાહ, એટલા માટે તો તારે તેઓનો ઉપકાર માનવો જોઇએ; તેને ફોકફળશા કહે છે તેં ઉપર મુજબ શિક્ષા કહી તે કરતાં પરણવું ખોટુ છે એવું કહેવાની મારી મતલબ નથી તો મને પરણાવવાની જે રીતી તેઓએ પસંદ કરી છે તે ખોટી છે. તેને સિપાઇએ કહ્યું, એતે કેવી રીતે મને જલદી કહે? તેને ફોકફળશા કહે છે તારા વિના બીજું કોઇ અહીંઆં છે, ત્રીજાને કાને વાત જાય એમાં હું રાજી નથી. તેને સિપાઇએ કહ્યું, મારા વિના બીજુ કોઇ નથી, માટે કાંઇ બીક રાખ્યા વિના બોલ, તેને ફોકફળશા કહે છે, તારે એ વિશે ચોકસ રહેવું જોઇએ અને તારો ડાબો કાન સાંભળે તે જમણાને જાણવા દેવું નહીં. તેને સિપાઇએ કહ્યું, એ વિશેની તારે કાંઇ બીક રાખવી નહીં, આાજ સુધી કોઇની છાની વાત ઉઘા-

કે કરી નથી ને કરનાર નથી. તેને ફોફળશાએ કહ્યું, પ્રથમતો તારે એ જાણવાનું છે કે મારી પાસે બેસુમાર પૈસા છે તેથી કરીને જેઓ પાપી તથા ઠગારા તથા લોભીઆ તેની નજરમાં મારૂ કદરૂપ આવતું નથી. તે છોકરીના જેવી આખા શેહેરમાં બીજી કોઇ નથી. તેના બાપની જાગીર મારી જાગીરની લગભગ છે વળી તેના જાણવામાં સારી રીતે છે કે તેની પાસે ઘરેણાં ઘણાં છે તેથી મારૂ આવું કદરૂપ છતાં તેની છોકરી મને દેવાને ચહાય છે. તેણે મને એક લાખવાર મને કહી ચુકયો હશે તે મારા રૂપને માટે નહીં તેતો પૈસા વાસ્તે છે અને પરણ્યા પછી બીજે દિવસે મને મારી નાંખવા ઈચ્છશે. તેને સિપાઇએ કહ્યું, ત્યારે તું ગૃહસ્થ છે? તેને ફોફળશા કહે છે પૈસાની બાબતમાં મારો કોઇ બરોબરીયો નથી તેમ મારે ઘેર ઢોર જાગીર વગેરે પૈસો ઘણો છે માટે મારે ઇશ્વરનો ઉપકાર માનવો જોઇએ કે મારે કશાની ખોટ નથી. તેને સિપાઇએ કહયું, તારે વરસમાં ઉપજ કેટલી થાય છે? તેને ફોફળશાએ કહયું, સીત્તેર હજારની. તેને સિપાઇએ કહયું, ઓહો! એટલી ઉપજતો ઘણા અમીર ઉમરાવોને પણ હોતી નથી અને જે ગૃહસ્થની વિશે તેં વાત કહી તે શું તેવોજ છે? તેને ફોફળશા કહે છે સાધારણ છે તો મારા જેવો નહીં. તેને સિપાઇએ કહયું, તેની વારષિક ઉપજ કેટલી છે? તેને ફોફળશાએ કહયું આશરે ૩૦૦૦૦ રૂપીઆની. તેને સિપાઇએ કહયું, ત્યારે તો એ ગરીબ કહેવાય નહીં, વળી એ ઉમરાવ છે નહીં વારૂ? તેને ફોફળશાએ કહયું,

ઉમરાવ! ખરો ઉમરાવ—તેને સિપાઇએ કહ્યું, એની છોકરી સાથે કાંઈ પહેરામણી નહીં આપે, તેને ફોફળશા કહે છે અલબત એ બધી વાત તને કહી સંભળાવુંછું તો હું આ પેટીમાં મુંઝાઉછું માટે તું મારૂં માથું બહાર કાહવા દે તો બહુ સારૂં, હું જરા ખુલ્લી રીતે બોલી શકું પછી તું મને અંદર ઘાલી બંધ કરી દેજે. તેને સિપાઇએ કહ્યું, ખરી વાત લે આ ઉઘાડી કહાડ તારૂં માથું બહાર અને રાજીથઇને બોલ, (ફોફળશાએ માથું કહાડયું એટલે) ઓહો! કેવું નાનું માથું અને આ ઉપરથી તારા આખા શરીરનું અનુમાન કાઢતાં તું કોઇ વાંદરા જેવો છે. તેને ફોફળશા કહે છે, મને જરા બહાર કાઢ એટલે મારી બધી ફૂટડાઇ તારા જોવામાં આવશે. તેને સિપાઇએ કહ્યું–ઠીક છે, તારી વાત તું કહી રહે એટલે પાછું તારે અંદર પેસવું અને પ્રથમની પેઠે તાળુ દઈ દેઇશ;તેને ફોફળશા કહેછે એ વિશે તારે કાંઇ ફીકર કરવી નહીં. તેને સિપાઇએ કહ્યું, ચાલ જલદી બહાર નીકળ ? તેને ફોફળશા કહે છે (પેટીમાંથી નીકળીને)આ હું બહાર નીકળ્યો, જો હું કેવો ભયાનક રૂપનો છું. તેને સિપાઇએ કહ્યું, વાહ ઘણું કદાવર શરીર મર્કટના જેવુંછે, કદી સ્ત્રીના જોવામાં આવે તો તારા જેવું રત્ન પેદા થાય. અરે ભાઇ તું કુંભકરણનો પીત્રાઈ છે, મને લાગે છે કે તારા જેવો બેડોળ પ્રાણી જગત્માં કોઇ ઉત્પન નહીં થયો હોય તને જે પરણનાર છે તેણે આ તારૂં રૂપ કોઇ દહાડે જોયુંછે? તેને ફોફળશા કહે છે નારે ભાઇ, તેના જોવામાં આવે નહીં તે સારૂં. મને

આ પેટીમાં પુર્યોછે, કાલે એનો બાપ એને લઇ આ ઓ-રડામાં આવશે અને અમને અંધારે અંધારે પરણાવી દેશે. ક્રિયા પૂરીથઈ રહી એટલે પછી મારૂં રૂપ એને પસંદ પડે કે નહીં; પછી કાંઇ છૂટકો છે. તેના નસીબમાં જે બનવાનું તે બન્યું એટલે સંતોષ માની રહેવું પડશે અને મારા જે-વો પૈસાવાન વર મળવાથી બીરબલે ૨૭૦૦૦ રૂપિઆ મને પહેરામણીના આપવાના ઠરાવ્યાછે. તેને સિપાઇએ કહ્યું, આવો કદાવર વર તેને મળનાર છે તેથી તે કેવી ભાગ્ય-વાન! અરે આ દુઃખદાયક જગત્માં કેવો તરેહવાર બનાવ બને છે. અરે દ્રવ્ય! તું કેટલા મનુષ્યને દુઃખરૂપી ખાડામાં ઢાળી પાડે છે; આ વાંદરા જેવા દેખાવનો કદરૂપો માણસ માત્ર ધનવાન છે એટલા માટે તેની ખુશામત કરે છે એ-ટલુંજ નહીં પણ એકતો પોતાની રૂપવાળી છોકરી તેને પરણાવાને ઉભો થયો છે. અરે લાચાર બીચારી છોકરી! બાપના એક લોભને લીધે તેનો આખો સંસાર ધુળધાણી કરે છે, હું જોકે એક ગરીબ સિપાઇ છું તોપણ આ વાંદરા જેવો કદરૂપો નથી, તો આપણું એવું ભાગ્ય કયાંથી હોય, શા કામની વાત; દુનિયામાંતો જ્યાં ત્યાં જરનું જોર છે. તેને ફ્રેફ્રુળશા કહે છે, જો તારી મરજી હોયતો થોડીવારમાં તને સુખીઓ કરી દઉ તેને સિપાઇએ કહ્યું, શી રીતે? તેને ફ્રેફ્રુળશા કહેછે ગમે તે થાય તો પણ એ કન્યાને હું પરણુ-નાર નથી, કેમકે એ ઘણી રૂપવાળી છે અને તેની સાથે સદ્-ગુણી છે તોબી મારી ખાતરી થાય છે કે તે મારા એકલાની થવાની નહીં. વળી મારૂ આવું કદાવર રૂપ જોઇ કોઇ દિવસ

ઝેર ખવરાવી દેતો હું માર્યો જાઉં, માટે પરણવું નહીં. જો તારી મરજી હોય તો આ પેટીમાં મારી જગ્યાએ તું પેશ, હું તારો ઘાટ ઉતારી આપીશ. તેને સિપાઈએ કહ્યું, ખરેખરો મુરખો હોય તેજ એમ કરે, એકવાર તેમના જાણવામાં આવ્યું એટલે જોઈ લ્યો પછી તે જગ્યાએ મને ઠેર મારે. શીખામણ તો બહુ સારી આપેછે? તેને ફેફુળશાએ કહ્યું, એ વિષે તો બેધડક રહે એવું તો કાંઇ બનનાર નથી. આમ જો લગ્નની ક્રિયા પુરી થઇ રહ્યા વિના તારે પેટીમાંથી નીકળવું નહીં. વળી મને લાગે છે કે મારા સામાવાળાએ મારા કદરૂપ વિશે તેને સુચના આપી હશે તેથી તે જુવાન સ્ત્રી તેનું નહીં દેખતાં એક સુંદર અને મજબુત શરીરનો વર મળ્યો એવું સમજીને ના ખુશી નહીં થાય. થોડીવારમાં તને ખરેખરા દબદબાનો અને રોફ મારવાનો અવસર મળશે અને તારી સ્વારી બહાર નીકળશે તે વેળાએ "બડેજાવ મેહેરબાન" થઇ રહેશે ને અતીશે ધુળ ઉડશે. તેને સિપાઇએ કહ્યું, તું તો સમજે છે કે ઝટ લાડવો ખાઇ જવાનો છે એમ નથી માટે હું મારો જીવ ખોવાને ઇચ્છતો નથી. કેમકે આવા શેખશલ્લીના વિચાર કરવાથી કાંઈ ફળ નથી માટે તું પાછો પેટીમાં પેશ એટલે હું તાળું દઇ દઉં? તેને ફેફુળશા કહે છે તારા જેવો મુરખતો મેં દુનીઆ ઉપર જોયો નથી. ખરે મને તારા ઉપર પ્રેમ આવે છે વળી તેં શું એક કહેવત સાંભળી નથી કે, "ઝોકાવે તે જીતે" માટે મારી સલાહ પ્રમાણે ચાલવાને શી હરકત છે, મને એમ લાગે છે કે એકવાર તું કન્યાનો વર થયો એટલે તેનો બાપ

દુઃખ દેશે એમ નથી. બીરબલે બેહજાર રૂપીઆ આપવા-ની હા કહીછે તે તને નહીં આપીને તે શું જગતમાં હાંસી કરાવશે એમ તને લાગેછે; અથવા તારા વિચારમાં એમ આવેછે કે આવી સદ્દગુણી સ્રી જે તારી વહુ થનારી છે, તે એકવાર તારી સાથે સંબંધ થયા પછી તારો ધિક્કાર કરીને તને તજી દેશે. બધાં કહેવાને મંડી જશે કે "ઇશ્વર-ની ઇચ્છા પ્રમાણે બન્યા જાયછે માટે જે બન્યું તે ખરૂં." આ પ્રમાણે તેઓ કહીને રહેશે ને સુખેથી તું તારી વહુ-ને તારે ઘેર મલકાતો લઇ જઇશ, ને કાંઇપણ વચ્ચે અડ-ચણ નડશે નહીં. પછી થોડીવારમાં ઘણા પૈસાનો ધણી થઇશ ને સર્વ જગ્યાએ તને માન મળશે, માટે જરા વિચાર કર. આવો લાગ હમેશાં આવતો નથી, મારી તો સલાહ છે કે આ પેઢીમાં તું પેસ, અને તું મનમાં બીક રાખીશ નહીં કેમકે બીક રાખવા જેવું હોય તો હું કહ્યા વિના રહું નહીં; હું નીત્ય મારા ખરા અંતઃકરણથી સાચું બોલું છું. તું કહે તો તે વિશેના સમ ખાઉં. હવે આ બધું મેં તારા લાભ માટે કહ્યું કે ઠગવાને તે થોડીવારમાં તારા જાણવામાં આવશે.

રમુજ ૨૯ મો.

ફેફ્ફુળશા અને સિપાઇ.

સિપાઇએ કહ્યું આવું સુખ મને આપવાની ઇશ્વરની ઇચ્છા હશે આવી પૈસાવાળી અને રૂપાળી સ્રી મને પર-ણાવવાને અમલદાર તલપી રહ્યા હશે. આહા ? કેવું મા-રૂં ભાગ્ય? મારા જેવા તુચ્છ સિપાઇ ઉપર ઇશ્વરની કેવી કૃપા તેને ફેફ્ફુળશાએ કહ્યું લક્ષ્મી ચાંલ્લો કરવાને આવે છે ત્યારે તું મોં ધોવા જાયછે. આ વિશે મારે વધારે કહેવા-ની કાંઇ જરૂર નથી કેમકે તું બીકણુછે, તેને ફેફ્ફુળશા કહે-

છે હવે મારી ખાતરી થઇ કે તું સારા ભાગ્યની કદર જાણ તો નથી માટે આ વાતમાં તારૂં ને મારૂં માથું ફોડવાની કાંઇ જરૂર નથી કેમકે આપણે કોઇનુ કામ કરવું અને વળી પગે પડવું એતો કોના ઘરનો ઈન્સાફ. તેને સિપાઇએ કહ્યું, હવે મારી પુર્ણ ખાતરી થઇ કે આ જે બધું કહેછે. તે મારા ભલાને માટે, વળી તું તારો સ્વાર્થ બગાડી મારૂં સારૂં કરવાને ધારેછે. હવે હું પેટીમાં પેસવાને ખુશીછું, અને તું જે પ્રમાણે કહીશ તે પ્રમાણે કરીશ, કેમકે એકવાર લગ્ન થયું એટલે પછીથી મીથ્યા થનાર નથી. પછી હું એનો વર અને એ મારી સ્ત્રી અને પછી બીજા વાંધા નાંખશે તો તેનું કશું ચાલનાર નથી. તેને ફોફળશા કહેછે ના, ના, ભાઈ હવેતો એ વાત ગઈ, મને હવે જલદીથી પેટીમાં ઘાલ કેમકે હવેતો મેં મારો વિચાર ફેરવ્યો. તેને સિપાઇએ કહ્યું, હવે વચન આપી મીથ્યા કરીશ નહી; તેને ફોફળશા કહેછે પોતાનો અર્થ મીથ્યા કરી બીજાને સુખી કરવો તે મુરખનું કામછે. તો દયાને અર્થે હું માન્ય રાખુંછું, અને તેં મને આટલો ફજેત કર્યો તેમાંનુ કાંઇ મનમાં આણતો નથી. હવેતું ઝટ અંદર પેશીજા, વધારે વાત કરીશ નહીં અને જો તારૂં કાલે કેવું ભલું થાયછે. તેને સિપાઇએ કહ્યું, જો જે ભાઈ મારી ડોક ભાગી જાય નહીં, તેને કહ્યું કાંઇ ચિંતા નહીં; જલદીથી બંધ કર અને જતો રહે કેમકે મારાં હવે પછીનાં થનારાં સગાં વહાલાં આવવાનો સમય થયોછે, તેને ફોફળશાએ કહ્યું, એક કલાકમાં હું બધું પાંશરે પાંશરૂં કરીશ; બરોબર તું ગોઠવાયો, હવે છાનોમાનો બેશી રહે. તેને સિપાઇએ કહ્યું, ઠીક, જરા મેહેરબાની કરી ભીંતની આગળ મુકીજા કેમકે આમતો મને ચેન પડતું નથી? તેને ફોફળશા કહેછે બહુ સારૂ; (સિપાઈની પેટી ભીંત આગળ બસેડી લઇ જઇને) કેમ ભાઇ હવે ચેન પડેછે; તેને સિ-

પાઇએ કહ્યું, હા જરા પડેછે. તેને ફોફળશા કહેછે હવે છાનો રહે અને ઠીક કરી બેસજે? તેને સિપાઇએ કહ્યું બહુ સારૂં તું બોલીશ નહીં. હવેતો કન્યા જલદી આવે તો મારી મુરાદ પુરી થાય. તેને ફોફળશા કહેછે, ભાઇ તારી જયારે ચડતી થાય ત્યારે મને પાછો ભુલી જઇશ નહીં.

રમુજ ૩૦ મો.

બીરબલની વીંટીનો ચોર.

ફોફળશા પેલા સિપાઇને પેટીમાં ઘાલી પોતે બીરબલના દિવાનખાનામાં જઇ જુએ છે તો બધા ભર ઉંઘમાં પડેલા જોઇ બીરબલની આંગળીમાંથી નવકરોડનું નંગ જડેલું હતું, એવી જે લાલમણીની વીંટી ફોફળશાએ કાઢી લીધી; તે લઇ બારણા બંધ કરી એક તરફને રસ્તે થઇને ચાલ્યો ગયો, અને તે બુલદ પહાડની ગુફામાં સંતાઇ પેઠો.

રમુજ ૩૧ મો.

બીરબલ અને સિપાઇ.

સવારમાં ઉઠીને પોતાના હાથ સામું જોયું તો આંગળીમાંની અમુલ્ય વીંટી જોવામાં ન આવી તેથી તેણે જાણ્યું કે કોઇ ચાકરના હાથમાં આવી હશે, તેણે ટેબલમાં મુકી હશે એમ વિચાર કરી પોતે ફોફળશાની ખબર કાઢવા ગયો અને તેણે પેટી ઠોકીને કહ્યું કે ઓ મસ્તાની સાંઢ હજુ સુધી તું તારી લુચ્ચાઇ મુકતો નથી; તેણે હળવેથી જવાબ દીધો કે ના બીરબલ સાહેબ, જયારે તમારી ખુશી હોય ત્યારે હું લેવાને તૈયાર છું. તેને બીરબલે કહ્યું કે લેવાને તને કઇ વસ્તુ ચેન પડશે? તેને સિપાઇ કહેછે બધી સામગ્રી તૈયાર છે. તેને બીરબલે કહ્યું, હમણાં બધું તૈયાર

થશે? તેને સિપાઇએ કહ્યું, જેમ ઉતાવળ બને તેમ બહુ સારૂં. તેને બીરબલે કહ્યું, તને મળવામાં હવે વાર નહીં થાય? તેને સિપાઇ કહેછે અરે લુચ્ચા જલદી કન્યાને ચાકરાવના રૂપિઆ જલદી લાવ. તેને બીરબલે કહ્યું, અરે અરે લુચ્ચા એ તું શું બકે છે. ગરીબ બાપડા (મને તો લાગે છે કે તારી અક્કલ ગઈ છે.) સરતશી, કન્યાશી, આશીબલા, તને ઠીક લાગે નહીં એવી વસ્તુ હમણાં મળશે. અરે કોઇ છે, આને ઉતાવળથી બહાર કાઢો કે મારે એનું મોં જોવું છે. એટલામાં કેટલાએક ગુલામો આવીને પેટી ઉઘાડી જુએ છે તો ફેકુળશાના બદલે સિપાઇ માલમ પડયો. સિપાઇ મિરજ ધરીને બોલ્યો કે હમણાં જે પરણનાર કન્યા હતી તેને જલદી લાવો, અને સત્વર લગ્ન ક્રિયા ચલાવો. તેને બીરબલે કહ્યું, અરે કુતરા, કન્યા શી અને પેહેરામણી શી, અને તુ શું લવે છે, તારી અક્કલ ગુમ થઇછે તેને સિપાઇ કહે છે પેલા ગામડીઆ વેરે જે કન્યા પરણાવવાના હતા તે અને પેહેરામણીના બેહજાર રૂપિઆ જલદી લાવો. તેને બીરબલે કહ્યું, તેણે તારા વિચારમાં આવી વાત ઉતારી તે એ દુષ્ટ ચંડાળ વિશ્વાસઘાતી ફેકુળશાએ આવા ફાંસાગાં નાખી તને ખરાબ કર્યો. અરે મુર્ખ તને ચોકી કરવા બેસાડયો હતો તેણે ભોળવી અવળે રસ્તે ચડાવી પાંજરામાં પુરી ચાલ્યો ગયો. અરે મારા મનની વાત તો મનમાંજ રહી, તેને સિપાઇ કહેછે હા એની મને ખાતરી છે કે તેણે સાચેસાચું કહ્યુંછે, માટે ઉતાવળથી લગ્ન કરી બે હજાર રૂપિઆ આપો. આ વેળાએ બીરબલે એક ચાકરને બોલાવી કાનમાં કંઇક વાત કહી તે સાંભળીને ચાલતો થયો. તેને બીરબલે કહ્યું, બધું તને હમણાં મળશે તું તૈયાર થઈ રહે જે. (પોતાના મનમાં) તે તારૂં. ચામડું ઉતરડી નાખશે તોની તારા પ્રાણ જતા રહેશે. તેને સિપાઇ કહેછે વહેલાં

આણી મંગાવો, હું તે જોવાને આતુર થઇ રહ્યો છું તેને બીરબલે કહ્યું. હા, તે તારી પાસે આવે ત્યારે ગણજે ને ઉછાળજે અને એટલાથી તું ખુશી થયો કે નહીં તે મને કહેજે, જો ખુશી થયો હોયતો વધારે મળશે. આ શબ્દો સાંભળતાં ચારજણ સોટા લઇને આવ્યા અને પેલા સિપાઇને ખુબ માર માર્યો ને પેલા દરીઆમાં ફેંકી દેવાને બીરબલે હુકમ કીધો તેવો તરતજ તેઓએ તેને દરાયામાં ફેંકી દીધો.

રમુજ ૩૨ મો.

પર્વતની ગુફામાં ફેફુળશાનું છાનું રહેવું.

જે પર્વતની ગુફામાં છુપી પેઠો હતો, તે બાદશાહની કચેરીથી ચાર મેલ દિલ્લી શેહેરની બહાર હતો, પર્વતમાં ફેફુળશાને બેઠેલો એક જંગલી પારધીએ જોયો. તેણે આવીને બાદશાહને જાહેર કર્યું કે પેલો કદાવર ગામડીઓ પર્વતની ગુફામાં બેઠેલો મેં જોયો, આ વાત બાદશાહે સાંભળી સિપાઈઓને હુકમ કર્યો એટલે સિપાઇઓ તે પહાડની ગુફા પાસે ગયા.

રમુજ ૩૩ મો.

ફેફુળશાનું પહાડની ગુફામાંથી સપડાઇ જવું.

ફેફુળશાને પકડનારા સિપાઈ લગભગ પહાડની ગુફા આગળ આવી પહોંચ્યા. એવું જોઇને તેણે વિચાર્યું કે હવે નાશી જવાય એવું નથી માટે પોતાની આગળ હડતાળ હતી તે વાટીને તૈયાર કરી પાણી નાખી આખા શરીરે લેપ કર્યો, પછી પોતે નીર્ભય થઇ તેની સામો આવ્યો. મુળ એનો વિચિત્ર ચેહેરો હતો ને તેમાં વળી ભભકો વધારીને વાઘના જેવો બન્યો તે જોઇ સિપાઈ બીવા લાગ્યા અને પોતાના મન સાથે કહેવા લાગ્યા કે આ કોઇ ભુત યા રા-

ક્ષસ કીંવા જીનછે, અરે એ આપણો ભક્ષ કરી જશે. એક બહાદુર સિપાઇએ ધૈર્યતાથી જોયું. તો તેના જોવામાં એમ આવ્યુ કે આ કોઇ ગામડીઓ રાક્ષસના કદનો છે. કદી પેલો હરામખોર ફોફળશા હોય એમ લાગે છે, તેને નજીક આવતો જોઇ સિપાઇઓને ઇશારત કરી તેથી સર્વ તેના ઉપર ધસી ખુબ માર મારવા માંડયા અને મુશ્કેટાટ બાંધી બાદશાહની કચેરીમાં ઉભો રાખ્યો. તેને બાદશાહે કહ્યું ખરી વાત કહે, હરામખોર ગામડીઆ આખરે મેં તને મારવાનો નિશ્ચય કર્યોછે તેમાંથી હવે શિક્ષા થયા વિના કાંઇ યુક્તિથી બચે એમ નથી. તેને ફોફળશા કહેછે જેને માથે કષ્ટ આવ્યું નથી તેણે તેમ, સપડાવાને ઇચ્છવું નહી અને માથે દુઃખ આવી પડયુ નથી તેણે પછી સંકલ્પ વિકલ્પ કરવા એ મિથ્યા છે. તેને બાદશાહે કહ્યું, જે પોતાની મેળે કામ કરેછે તેને અચાનક દુઃખ સહન કરવું પડેછે? તેને ફોફળશા કહેછે જે કદી કાસીદુ કરતો નથી તે કદી થાકતો નથી અને એ કદી થાકયો તો પછી થાકવાથી જે શ્રમ પડે તે સહેવું જોઈએ. તેને બાદશાહે કહ્યું. રીઝે તે રોવાને માટે? તેને ફોફળશા કહેછે લોંકડીને એકવાર છૂટી મુકો ને પછી તેનો તમાસો જુઓ. તેને બાદશાહે કહ્યું કાન કદી ખોતરવો નહીં તથા આંખ ઘણી છોલાવવી નહીં કેમકે તેથી વિનાશ થાય, તેને ફોફળશા કહેછે, જે એકવાર નઠારૂં કામ કરે તે માણસ ઉપર સદા શંકા આવે. તેને બાદશાહે કહ્યું પોતાની જીભ પોતાના હાડ ભંગાવેછે? તેને ફોફળશા કહેછે ખરા બોલો બાપે માર્યોછે. તેને બાદશાહે કહ્યું, હમેશાં ખરૂં બોલાતું નથી? તેને ફોફળશા કહેછે જેને ખરૂં સારૂં લાગતું નથી તેવું બોલવાને ઇચ્છા રાખતું નથી, કેમકે ગુલાબના વૃક્ષને કાંટા હોયછે તેમ એને સાચું કહેવું તે વજ્ર જેવું લાગેછે. તેને બાદશા-

હે કહયું જે ચોરેલી વીંટી ઘાલે તેને તેના માલીકની બીક રહેછે. તેને ફેફ્રુળશા કહેછે, માથું જાય તેના કરતાં તેની ઉપરની પાઘડી જાય તે સારી. તેને બાદશાહે કહયું, પાપનો ઘડો ભરાય ત્યારે ફૂટે; તેને ફેફ્રુળશા કહેછે શુળીએ જનારા માણસને માથે બોજો મુકવો નહીં; તેને બાદશાહે કહયું, તારાપણ એવાજ હવાલ થશે? તેને ફેફ્રુળશાએ કહયું, જુગાર રમવા કરતાં આળસુ રહેવું સારૂં. ફેફ્રુળશાની ઉપર બાદશાહ કોપાયમાન થઇ તેને હદપાર કરવાનો હુકમ કર્યો તે વખતે ફેફ્રુળશાએ ઇશ્વર સંબંધી કર્ત્તવ્ય કર્મનું કરેલુ ભાષણ—ઓ અકબર બાદશાહ આ મારૂં છેલ્લા વખતનું ભાષણ તું ધ્યાન રાખીને સાંભળ. આ જગતનો બનાવનાર ઇશ્વર એક છે ને સર્વ સ્થળે વ્યાપી રહ્યોછે તેની પાસે ઇચ્છા શક્તિ છે તે સર્વની માતા છે. પરમેશ્વર સર્વનો પીતા છે તે વૈરાટ રૂપે રહ્યો છે, જેના પગનું પાતાળ બન્યું, મુસ્તકનું આકાશ બન્યું, કંઠનુ વૈકુંઠ, કરણનો વાયુ નાસિકામાં લોભ વિલોભ, મુખમાં બ્રહ્મ લોક, જીભ્હાએ ચાર વેદ હૃદયને વિશે કૈલાસ, નાભિને વિશે દેવલોક, ગુંદામાં જમલોક, ઇંદ્રને વિશે મૃત્યુ લોક, જંઘાને વિશે મેદ્રી અને મદ્રાચળ; ગોઠણને વિશે ધ્રુવમંડળ, ઉતર કીંવા દક્ષીણ. પીંડીને વિશે મંગળ અને બુધ, ઘુંટીને વિશે શની યા શુક્ર, ફેણાને વિશે બ્રહસ્પતીને કેતુ, પાનીને વિશે પૃથ્વી, અને ભુજાઓ તે ચાર દીશાઓ કહેવાય છે. તેમ ચક્ષુને વિશે ચંદ્ર સુર્ય અને રોમરોમ અસંખ્ય તારાઓ રહ્યાછે તે કૃપાળુ ઇશ્વર ઘટઘટ વ્યાપી રહ્યા છે; તેણે જે નિયમ બાંધ્યા છે તે રીતે ચાલ્યાં જાય છે. મનુષ્યના જીવમાંથી મનુષ્ય પેદા થાય છે. તે કદી પ્રેત યોનીને પામતા નથી, તેમ તે પશુ પક્ષી યા જીવ જંતનો અવતાર લેતા નથી તેમ પુરૂષ લીંગ બદલીને સ્ત્રી લીંગ થતો નથી. નાન્યતર જાતિ કરમે કરીને થાય છે

તેમ સુખ, દુખ, હાની વૃદ્ધિ વ્યાધી, પીડા તે સર્વ કર્મના આધાર ઉપર છે. તે કરમ કેવાં કે જુઠુ બોલવું વિશ્વાસ ઘાત કરવો, મનુષ્ય ઉપર ઇર્શા રાખવી, ચોરી કરવી, જૂઠાં ખત લખવાં; દસ્તાવેજ જુઠા બનાવવા, સ્ત્રીઓની નીંદા કરવી, સંસાર છોડી વૈરાગી થવું, વેદની નીંદા કરવી, પાખડી ધર્મ પાળવો, જુઠા જોશ મુરત જોવાં, અગ્નિમાં પાણી છાંટવું, નદીના જળમાં મળમુત્ર નાખવું, પહાડ પર્વત પુજવા, વૃક્ષની સેવા કરવી, ગરીબને ધમકાવવા જુઠા વેહેમ બતાવવા, પોતાને વહેમી થવું, પુત્રીને વૃદ્ધની સાથે પરણાવવી યા બાળલગ્ન કરવાં, કજોડુ શોધવું, ખેડુત લોક પાસેથી ગેરવ્યાજબી કર લેવો, નાસ્તિક થવું, કુળવાન ગરીબને કન્યા આપવી, મધપાન કરવું, વેસ્યાને મંદીર જવુ એ સિવાય બીજું પાપ નથી. ઉપર લખેલાં હરેક પ્રકારનાં કર્મનો કરનારો મહા પાપી કહેવાય છે. જે જન્મો જન્મ દુ:ખ ભોગવ્યા કરે છે. વળી અનેક પ્રકારના રોગ, વ્યાધી તેને થાય છે. ધન્હીન રહે, પુત્ર પૌત્રાદીકનું સુખ ન ભોગવે, કેદમાં પડે, રાજા દંડે, અગ્નિ બાળે. સાપ ડસે, જળ ડુબાડે, ભંગીને ઘેર અવતાર લે, નરકનો અધિકારી થાય, અહોનીશ દરીદ્રી રહે અને મુખનું તેજ હીણુ થાય, ધર્મથી ભ્રષ્ટ રહે, નાસ્તીકના મંદીરમાં જાય, મુખ બંધીને પગે પડે, પાખંડી ગુરૂ કરે, ઓ બાદશાહ મેં તેમાંનાં કર્મ કર્યાં હશે તેથી મારા આ હવાલ થયા, અને હું નિરદોષ તેને તમોએ હદપર કર્યો. એકવાર સર્વ પરમેશ્વરનું ધ્યાન કરો, સર્વ સભાજનો તાળીઓ ઠોકે છે અને ફહફહ હસે છે એટલામાં ફેફુળશા સરકી ગયો. તથાસ્તુ.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારે ત્યાંથી હરેક જાતનાં ગુજરાતી કીંવા બાળબોધી યા સંસ્કૃત તથા તરજુમા વિગેરે પુસ્તકો ઘણાં સુંદર અને સસ્તાં આપવામાં આવશે. સામટી નકલ ખરીદ કરનારની પાસેથી યોગ્ય ભાવ લેવામાં આવશે. તે સિવાય અમારાં બનાવેલાં પુસ્તકો નીચે મુજબઃ—તથાં કાવ્યદોહન ભાગ. ૫ મો અમારે ત્યાંથી મળશે.

માન મુસાફરી.	જાલંધરની કથા.
ફોફળશાના રમુજી ફકરા.	અસાધ અને અગન્યાની વાર્તા.
રાહ ખેંગાર અને રાણકદેવી.	બેહેરામ અને અમરસીંહની વાર્તા.
મચ્છવેદ ગદ્યમાં.	સુરેખા હરણ ગદ્યમાં.

અરે વાંચનારાઓ આ અમારી બનાવેલી ચોપડીઓ વાંચો અને સાવધ થાઓ. જેમાં હાસ્યરસ કીંવા વીરરસ યા કરૂણારસથી ભરપુર છે. નીચે લખેલા સરનામાથી મળશે.

પા. બાપુજી ગોકળદાસ. ઠેકાણું આર્યોદય પ્રેસ.

સા. મનસુખ જગજીવન ઠેકાણું માંડવીની પોળ મધે શેઠની પોળમાં તથા

ત્રવાડી માધવજી પ્રેમજી પાસેથી.